

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજનું મુખપત્ર

# લક્ષ્મીનારાયણ દર્શન

માનદ્ તંત્રી : રતિલાલ પટેલ
વર્ષ–૧૪ અંક:૪ કુલ પેજ : ૩૨+૪=૩૬
પ્રસિધ્ધ કર્યા તારીખ : ૧૪–૯–૨૦૨૪ (સપ્ટેમ્બર)
છુટક કિંમત : ૧૫/– વાર્ષિક લવાજમ : ૧૫૦/–




## અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સામાન્ય સભા યોજાઈ







## લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં માર્ગદર્શક સંતોના સન્માન કરાયા

# અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની કારોબારી સભા યોજાઈ




## અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સામાન્ય સભાની ઝલક



## શ્રાવણ માસની પૂર્ણિમા સત્સંગ સભાની ઝલક



અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજનું મુખપત્ર

# લક્ષ્મીનારાયણ દર્શન


વર્ષ : ૧૪, અંક : ૪, સપ્ટેમ્બર - ૨૦૨૪

**માનદ તંત્રી**

રતિલાલ પટેલ

**પ્રકાશક અને મુદ્રક**

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ
દેશલપર (વાંઢાય) - કચ્છ.
www.shreelaxminarayan.in | www.slvp.co.in

**પ્રકાશન સ્થળ**

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન
મુ.પો. દેશલપર, તા. ભુજ - કચ્છ.
ફોન : (૦૨૮૩૨) ૨૭૬૩૪૫

**મુદ્રણ સ્થાન**

શ્રીહરિ ઓફસેટ, ભુજ. ફોન : ૨૨૬૦૦૭

**પત્ર વ્યવહારનું સરનામું**

લક્ષ્મીનારાયણ દર્શન કાર્યાલય,
પૂજા-બી, આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કની પાછળ,
સ્ટેશન રોડ, ભુજ-કચ્છ, પીન : ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૭૬૩૪૫
મો. ૯૮૨૫૫ ૬૩૮૮૪

- દર માસની ૧૪મી તારીખે પ્રગટ થાય છે.
- વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
- પાંચવર્ષીય લવાજમ રૂા. ૬૦૦/-
- દસ વર્ષીય લવાજમ રૂા. ૧૦૦૦/-


## આ અંકના આકર્ષણો


- વેદોનો દિવ્ય સંદેશ ૪
- તંત્રીલેખ : કર્મની ગતિ ગહન છે ૫
  - રતિલાલ પટેલ
- રામાયણ સાર : તાટકાવધ-પ્રથમ પરાક્રમ ૬
  - સ્વામી સચ્ચિદાનંદ
- આપકી યાત્રા સુખદ રહો - મોરારી બાપુ ૮
- જીવનમાં શ્રધ્ધા, આશાની સાથે... સુખદ ૧૧
- કુપાત્ર દાન નકરનાં દ્વાર ખોલનારું છે ૧૨
  - હરિભાઈ કોઠારી
- ગંગામૃત - ગીરીજાગીરીજી ૧૪
- સુખ શોધશો તો મળી જશે ૧૬
- પૂછ્યા વગર કોઈને સલાહ આપવી નહીં ૧૮
- શિસ્ત પાલન ૧૯
- બૌંતેર જિનાલય - રતિલાલ પટેલ ૨૦
- શક્તિસંચય અને તેનો સદ્ઉપયોગ ૨૨
- બાળવાર્તા : મોરનાં ઈંડાને ચીતરવા ન પડે ૨૪
- સત્સંગ સુધા : નામનો પ્રભાવ ૨૬
  - રતિલાલ પટેલ
- સંસ્થા સમાચાર ૨૮




**સહૃદયં સાંમનસ્યમ વિદ્વેષં કૃણેમિ વઃ ।**
**અન્યો અન્યમભિ હર્યત વત્સં જાતમિવાઘન્યા ॥**
**(અથર્વવેદ ૩/૩૧/૧)**

**ભાવાર્થ :** આપણે પારસ્પરિક વેર ભાવનાનો ત્યાગ કરીને સુહૃદય, મનસ્વી તથા ઉત્તમ સ્વભાવવાળા બનીએ. એકબીજાને હંમેશાં પ્યારની દૃષ્ટિથી જોઈએ. ત્યારે જ આપણે સુખી રહી શકીશું.

**સંદેશ :** ભારતીય સમાજશાસ્ત્રમાં ત્યાગનું સ્થાન ઘણું જ મહત્ત્વનું છે. ત્યાગમય જીવનને જ અહીં સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. દાનમાં કોઈના પર અહેસાન કરવાનો ભાવ રહે છે, પોતાના અહંકારનું પોષણ થાય છે અને બદલામાં નામ, યશ, કીર્તિ, પ્રતિષ્ઠા વગેરેની આકાંક્ષા પણ રહે છે. પરંતુ ત્યાગ તો દાનથી પણ ઉપરની સ્થિતિમાં છે, જે દુઃખ, મોહ, ક્રોધ, અહંકાર વગેરેથી પર છે. જે વ્યવસ્થામાં રૂપિયા, પૈસા તથા અન્ય ભૌતિક સંપત્તિઓનો ત્યાગ એટલો મહત્ત્વનો છે ત્યાં પોતાના દોષદુર્ગુણોના ત્યાગની ગરિમાનો સ્વતઃ જ અનુભવ કરી શકાય છે. આમાં પણ પારસ્પરિક વેરભાવનાને ત્યાગવી એ કુટુંબ તથા સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર છે. જ્યારે મનમાં દ્વેષભાવ સમાપ્ત થઈ જાય છે ત્યાં પવિત્રતા અને નિર્મળતાનો વાસ થાય છે. એનાથી મનુષ્યના હૃદયમાં લોકો પ્રત્યે સદ્ભાવના જાગૃત થાય છે અને બદલામાં તેને બધાનો સહયોગ મળે છે.

સમાજ હોય અથવા કુટુંબ, જ્યાં સુધી બધામાં હૃદયની એકતા, મનની એકતા, દ્વેષનો અભાવ તથા પ્રેમ અને સદ્ભાવનાનો વ્યવહાર નહીં હોય ત્યાં સુધી સુખશાંતિનું વાતાવરણ બની જ નહીં શકે. લક્ષ્ય એક હોવા છતાં જો પરસ્પર દ્વેષ છે, કલેશ છે, ઈર્ષ્યા છે અને મનમાલિન્ય છે તો કામ કેવી રીતે ચાલી શકશે ? જો વિચારભેદ છે, મતભેદ છે ત્યારે લક્ષ્ય પણ એક થઈ શકશે નહીં. જ્યારે લક્ષ્ય જ નિશ્ચિત નહીં હોય ત્યારે તો ''પોતપોતાનાં સાજ, અપના અપના રાગ'' જેવી સ્થિતિ થઈ જશે. જો ગમે તે રીતે લક્ષ્ય એક થઈ જાય તો પછી બધાના મન તથા હૃદય પણ એક હોવાં જોઈએ ત્યારે જ તો પરસ્પર સહયોગ અને સહાનુભૂતિનું વાતાવરણ બનશે. સાચા મનથી હાર્દિક સહયોગ મળવાથી જ લક્ષ્યપૂર્તિ શક્ય થઈ શકશે. એના વડે જ પ્રેરણા અને ક્રિયાશીલતા આવે છે, પારસ્પરિક પ્રેમ અને સહાનુભૂતિની અભિવૃદ્ધિ થાય છે. સર્વત્ર ઘનિષ્ઠ પ્રેમનો પ્રવાહ હોવાથી લોકો પોતાના સ્વાર્થથી ઉપર ઉઠીને એકબીજાનાં હિતનું ચિંતન કરે છે અને તેમાં પોતાના પ્રાણ આપવા સુધી તત્પર રહે છે. અંદરોઅંદરની પ્રેમભાવનાનું મહત્ત્વ સર્વાધિક છે. પ્રેમ અને સ્નેહથી પણ ઉપર વાત્સલ્યનો ભાવ હોય છે. જેવી રીતે મા પોતાનાં બચ્ચાંને અથવા ગાય પોતાના વાછરડાંને દુલારે છે, બચકારે છે તથા તેની ભલાઈ માટે સંસારના મોટામાં મોટાં સંકટોને પોતે ઝીલી લેવા તૈયાર રહે છે, એવી ભાવનાને જો આપણે પારસ્પરિક વ્યવહારમાં ઉતારી શકીએ તો આ સંસાર સ્વર્ગ બની જાય.

પરંતુ આ પ્રેમ, સ્નેહ તથા વાત્સલ્યની ભાવના આપણા મનમાં ઉપજે પણ કેવી રીતે ? ત્યાં તો વેર, દ્વેષ, મનમાલિન્યનો કાદવ ભર્યો છે. જ્યાં સુધી તેનું નિવારણ ના થઈ શકે ત્યાં સુધી પ્રેમનાં અંકુર ક્યાંથી ફૂટશે ? દ્વેષ પ્રેમનો સૌથી મોટો દુશ્મન છે. પારસ્પરિક એકતા, સ્નેહ, સદ્ભાવ અને સમજાવટથી જ આત્મીયતા તથા સહકારિતા સ્થાપિત થાય છે તથા વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે. આપસી પ્રેમબંધન બળવાન થવાથી જ એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી થવાની પ્રવૃત્તિ વધશે. કુટુંબના હિતમાં, સમાજના હિતમાં અને રાષ્ટ્રના હિતમાં જ લોકો પોતાનું હિત સમજશે.

વેર અને દ્વેષભાવને આપણા મનમાં ઘૂસવા જ ન દેવાં જોઈએ અને જો કદાચ આવી પણ જાય તો જબરદસ્તીથી ધક્કો દઈને બહાર કાઢી નાખવાં જોઈએ.

**અભિમાનથી માનવી ફુલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી. -રસ્કિન**

તંત્રીલેખ

– રતિલાલ પટેલ

# કર્મની ગતિ ગહન છે

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ચોથા અધ્યાયમાં ભગવાને કર્મ, વિકર્મ અને અકર્મની વિસ્તૃત ચર્ચા કરી છે. ભગવાન અર્જુનને સમજાવે છે કે આ સૃષ્ટિમાં આવનાર કોઈપણ મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી. કર્મ કેવા કરવા તેની સ્વતંત્રતા મનુષ્યને આપી છે તેથી કર્મ કરવા પર તેનો સંપૂર્ણ અધિકાર છે પરંતુ ફળ આપવાનો અધિકાર મારો છે. મનુષ્ય જેવા કર્મો કરે તેવા ફળ તેમને મળે. તે ફળ તેને આ જન્મે કે તે પછીના જન્મમાં ભોગવવા જ પડે છે. કર્મનો એ સિધ્ધાંત અટલ છે.

મનુષ્ય જે કર્મ કરે છે તે સંચિત થઈને પછીના સમયમાં તેનું પ્રારબ્ધ બને છે તે મુજબ તેને જન્મ પણ મળતો હોય છે એ રીતે જોઈએ તો મનુષ્યના સુખ અને દુઃખનો દેનાર બીજો કોઈ જ નહીં પણ તેના કર્મ ફળ જ હોય છે. એ રીતે જોઈએ તો કર્મની ગતિ ઘણી ગહન છે.

પ્રત્યેક મનુષ્ય પોતાના જીવનમાં સદૈવ સુખ મળે એવું જ ઈચ્છતો હોય છે અને એ માટે તે સતત પ્રયત્ન કરતો રહે છે એને જ કર્મ કહેવાય છે. વેદવ્યાસ મહાભારતમાં ધર્મની ટૂંકી વ્યાખ્યા કરતાં કહે છે જે પોતાને ગમતું ન હોય, અનુકૂળ ન હોય એવું આચરણ બીજા માટે કરવું એ અધર્મ અથવા પાપ છે અને પોતાને પ્રતિકૂળ હોય એવું કાર્ય બીજા માટે ન કરવું એ ધર્મ છે અથવા પુણ્ય છે. બીજાને દુઃખી કરી અને પોતે સુખ મેળવનાર મનુષ્ય જે કર્મ કરે છે તે ગીતાકારને મતે વિકર્મ છે અને વ્યવહારિક ભાષામાં તેને પાપ કહે છે. જે કર્મ કરવાથી અન્યને પણ સુખ મળે અને પોતાને પણ સુખ મળે એવા કર્મ પુણ્ય અથવા સત્કર્મ છે.

સત્કર્મ કે વિકર્મ સામાન્ય રીતે પાંચ પ્રકારે થાય છે. ૧ : આચરિત કર્મ, જે માણસ કર્મ-સત્કર્મ કે વિકર્મ પોતાના હાથે કરે છે તે આચરિત કર્મ છે. ૨. કારિત કર્મ : જે મનુષ્ય પોતે કરતો નથી પણ બીજા દ્વારા સારા કે નરસા કામ કરાવે છે એ કારિત કર્મ છે. શકુનિએ પાંડવોને બાળવા લાક્ષાગૃહ બંધાવ્યો એ કારિત કર્મ છે. ૩ અનુમોદિત કર્મ : મનુષ્ય પોતે કર્મ કરતો નથી બીજા દ્વારા કરાવતો પણ નથી. સાચા કે ખોટા કામને અનુમોદન આપે છે તેનું ફળ પણ તેને ભોગવવું પડે છે. દુર્યોધન દ્વારા કરાતા દુષ્કર્મોને તેના ઉપકારમાં દબાયેલ કર્ણ હંમેશા અનુમોદન આપતો તેનું ફળ પણ ભોગવવું પડયું. ૪ ઉચ્ચારિત કર્મ : કોઈની વાણીથી કોઈનું સારું કે બૂરું થાય એ પણ કર્મ છે. દ્રૌપદીએ દુર્યોધન માટે બોલેલા કટુ વાકયો ધુત સભામાં કર્ણ દ્વારા બોલાયેલા દ્રૌપદી માટેના અપમાનજનક ઉચ્ચારણો એ ઉચ્ચારિત કર્મ છે. ૫. વૈચારિક કર્મ : માનસિક સ્તરે કોઈના માટે સારું કે બુરું વિચારવું તેને પણ કર્મ ગણવામાં આવે છે ને તેનું ફળ પણ ભોગવવું પડે છે. ધૃતરાષ્ટ્ર હંમેશા પાંડવોનું અહિત વિચાર્યું અને કૌરવોને પોતાના વૈચારિક સમર્થન આપ્યું એ તેને પણ કર્મનું ફળ ભોગવવું પડયું.

આજ રીતે આ પાંચ પ્રકારે સત્કર્મો કરવામાં આવે તો તેના સારા ફળ માનવીને મળતા હોય છે અને જો વિકર્મ કરવામાં આવે તો તેના માઠા ફળ પણ તેને ભોગવવા પડે છે. જે મહાપુરુષો અહંભાવ ને કર્તાભાવ છોડીને સમષ્ટિના કલ્યાણ માટે નિષ્કામ ભાવે કર્મ કરે છે તેને ગીતામાં શ્રીકૃષ્ણે અકર્મ કહે છે તેનું ફળ તેને બંધન કર્તા રહેતું નથી અને ભોગવવું પડતું નથી. અર્જુનને ભગવાન અકર્તાભાવે કર્મ કરીને મુકત થવા સમજાવે છે.

**અજ્ઞાન મૃત્યુ છે અને જ્ઞાન જિંદગી છે. – સ્વામી વિવેકાનંદ**

# રામાયણ સાર : તાટકાવધ-પ્રથમ પરાક્રમ

– સ્વામી સચ્ચિદાનંદ

સામાન્ય રીતે ગુંડાગીરી પુરુષો કરતા હોય છે અને ગરીબો તથા મહિલાઓ તેનો ભોગ બનતાં હોય છે. પણ કોઈ-કોઈ વાર સ્ત્રીઓ પણ ગુંડાગીરી કરતી દેખાય છે. બધી સ્ત્રીઓ અબળા નથી હોતી, કોઈ-કોઈ પ્રબળા પણ હોય છે.



રુદ્રાશ્રમથી સૌની વિદાય – સત્કાર સ્વીકારીને ત્રિપુટી વિદાય થઈ. હવે તેમણે ગંગાપાર કરવાની હતી તેથી તેમના માટે નાવ મંગાવી. ત્રણે નાવ ઉપર સવાર થયા અને નાવ સામા કિનારે જવા લાગી. નદી પાર કરીને ત્રિપુટીએ ભયંકર વનમાં પ્રવેશ કર્યો. ત્યાં બે પ્રદેશો આવ્યા. એકનું નામ મલ અને બીજાનું નામ કારુષ. બન્ને ઉજ્જડ થઈ ગયેલા. પહેલાં આ પ્રદેશો બહુ જ ધનધાન્યથી ભરપૂર હતા, પણ તાટકા નામની રાક્ષસીએ આ બન્ને પ્રદેશોને ઉજ્જડ કરી નાખ્યા છે. સમૃધ્ધ પ્રદેશને પણ એકાદ આતંકવાદી ધારે તો ઉજ્જડ કરી શકે છે. રાજા-કોદાળી-પાવડો લઈને મજુરી નથી કરતો અને કદાચ કરે તો તે રાજવહીવટમાં નિષ્ફળ જાય. રાજા તો રાક્ષસોથી – આતંકવાદીઓથી – પ્રજાનું રક્ષણ કરે છે. મજૂરી કરનારા તો હજારો મળી રહે, પણ રક્ષણ કરનારો કોઈ વિરલ જ મળે. તાટકાથી પ્રજાનું રક્ષણ કરી શકાયું નહીં તેથી આ બન્ને પ્રદેશો અત્યારે વેરાન – ધૂળધૂળ થઈ ગયા છે.

શ્રી રામને તાટકા વિશે જિજ્ઞાસા જાગી : આ બાઈ કોણ છે ? વિશ્વામિત્રજીએ તેમને કથા સંભળાવી. સુકેતુ નામનો યક્ષ હતો. તેને તાટકા નામે કન્યા હતી. સુકેતુએ જંબાસુરના પુત્ર સુંદની સાથે તેને પરણાવી. તેને મારીચ અને સુબાહુ નામના બે પુત્રો ગયા. રાક્ષસો ઋષિ-મુનિઓને ત્રાસ આપતા કદાચ એવું કારણ હોય કે રાક્ષસોના આ વનમાં ઋષિ-મુનિઓ તપયજ્ઞ આદિ કરતા તે રાક્ષસોને ગમતું નહીં. બહારની પ્રજા આવીને એ વનમાં વસે તે પણ કદાચ ન ગમતું હોય, તેથી ઝઘડા થયા કરતા. એક વારના ધીંગાણામાં અગત્સ્યઋષિએ તાટકાના પતિને મારી નાખ્યો હતો. ઋષિઓ શાસ્ત્ર અને શસ્ત્ર એમ બન્ને ધારણ કરતા. તેમણે મારીચને રાક્ષસ બનાવી દીધો તેથી કોપાયમાન થઈને તાટકાએ અગત્સ્ય-ઋષિની હત્યા કરવા અને પ્રદેશ ઉજાડવા વારંવાર આક્રમણો કરવા માંડયા. હવે આ તાટકાએ હદ વટાવી દીધી છે. તે આટલામાં જ રહે છે. હમણાં નીકળશે અને હુમલો કરશે. જરા પણ ગભરાયા વિના તમે તેનો વધ કરી નાખજો. તમને સ્ત્રીહત્યાનું પાપ નહીં લાગે, કારણ, આતતાયી થયેલી સ્ત્રીનો પણ વધ કરવો એ ધર્મઆજ્ઞા છે. વિશ્વામિત્રજીએ અનેક સ્ત્રીવધનાં ઉદાહરણ આપીને શ્રીરામના વિચારોને દૃઢ

કર્યા. વિચારોની દૃઢતા વિચારોથી થતી હોય છે. શ્રીરામજીનું કથન હતું,''મારે તો તમારી આજ્ઞાનું પાલન કરવું એ જ ધર્મ છે, એ જ શાસ્ત્ર છે. તમે કહેશો એમ જ હું કરીશ.'' સુશિષ્યનું પ્રથમ સુલક્ષણ આજ્ઞાપાલન હોય છે. ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શિષ્ય સોનાનો હોય તોપણ ધૂળ બરાબર કહેવાય.

એવામાં ઘોર ગર્જના કરતી અને ધૂળ ઉડાડતી આંધીની માફક વિકરાળ તાટકા આવી પહોંચી. તેને આવતી જોતાં જ શ્રીરામ-લક્ષ્મણે ખભા ઉપરથી ધનુષ્ય ઉતારી પેંતરો લઈ લીધો. વનમાં કે ભયંકર પ્રદેશમાં યાત્રા કરતા ક્ષત્રિયે પોતાનું શસ્ત્ર હંમેશા તૈયાર રાખવું જોઈએ. આમ તો પ્રત્યેક સમયે શસ્ત્રસજજ રહેવું જ જોઈએ, કોણ જાણે ક્યારે તેની જરૂર પડી જાય, કાંઈ કહેવાય નહીં.

તાટકા બહુરૂપધારી હતી. રૂપાળા રામ - લક્ષ્મણને જોઈને વિકરાળ વિધવા તાટકાએ મોહિનીરૂપ ધારણ કરી લીધું. કોઈ સ્વર્ગની અપ્સરા હોય તેવી તે દેખાવા લાગી. પણ બન્નેમાંથી એકે મોહિત થયા નહીં. યુવક-યુવતીઓ માટે યુવાનીનું પ્રથમ પગથિયું નર-નારી-મોહનું હોય છે. મોહી પડતાં વાર ન લાગે. પણ જેના પગ પોલાદના - મજબૂત બન્યા હોય તે આ પ્રથમ પગથિયાના મહાયુધ્ધમાં વિજયી થતા હોય છે. વિકરાળ રૂપ ઉપર વિજય મેળવવા કરતાં મોહિનીરૂપ ઉપર વિજય મેળવવો બહુ અઘરો હોય છે. જે રૂપ લોકોના - ખાસ કરીને તપસ્વીઓના પતનમાં સક્રિય બનતું હોય તેવા રૂપને તો જલદીથી જલદી કુરૂપ કરી નાખવામાં જ લોકકલ્યાણ કહેવાય. લક્ષ્મણે તરત જ તેનાં નાક-કાન કાપી નાખ્યાં મોહિનીરૂપ વિકૃત થઈ ગયું. લોહીની સેરો ઉડી. તાટકા ભાગી ગઈ. સ્ત્રીના વિકારી આક્રમણને ભગાડવું એ મોટી મર્દાનગી કહેવાય. મોટા-મોટા મર્દો પણ આ આક્રમણ આગળ હારી જતા હોય છે. લક્ષ્મણ જીતી ગયા.

તાટકા અપમાનિત થઈને ભાગી તો ગઈ, પણ વિકારી સ્ત્રીનું આક્રમણ પહેલું તો હોય છે, કદી છેલ્લું નથી હોતું. તે ફરીથી મૂળ રૂપમાં ઘુઘવાટા કરતી આવી. અપમાનિત કસ્ત્રી ભયંકર બનતી હોય છે. મોહિનીસ્વરૂપ સ્ત્રીને માન અને અપમાન બન્ને આપતાં સો વાર વિચાર કરવો જોઈએ.

માન પામેલી મોહ અને મોહ પામેલી એવી વળગે કે છૂટવાનું નામ ન લે. નજીક આવીને અપમાનિત થયેલી સ્ત્રી ઝેરી નાગણ જેવી પણ થઈ શકે છે. તેના ડંખ આબરૂદાર માણસને કોડીનો કરી નાખે. આને આબરૂહત્યા કહેવાય.

શ્રી રામ-લક્ષ્મણની સામે તે પ્રચંડ વેગથી લડતી રહી, પણ એને શ્રીરામે તીવ્ર બાણ છોડીને તેનું હૃદય વીંધી નાખ્યું. હિમાલયની માફક ધડામ દઈને તે વિકરાળ રાક્ષસી જમીન ઉપર પડી. તેના મરણથી ઈન્દ્રાદિ દેવો રાજી ગયા. શ્રીરામને ધન્ય-ધન્ય કહેવા લાગ્યા. જેના મરણથી સજજનો અને સંતો પણ રાજી થાય, તો એવું મરણ શોકનું નહીં, આનંદનું કારણ થઈ જાય. આખા વનમાં આનંદ-આનંદ થઈ ગયો. શ્રીરામજીનું આ પ્રથમ પરાક્રમ હતું.

તાટકા રાક્ષસીના કારણે જે વન ભયંકર લાગતું હતું તે વન હવે આનંદમય થઈ ગયું. પ્રત્યેક ભૂમિનું પોતાનું વાતાવરણ હોય છે, જે ત્યાં રહેનારાં માણસોથી બનતું હોય છે. કોઈ ભૂમિ - વન - ઘર - આશ્રમ કે મહેલનું વાતાવરણ સુધારવું તેથી મોટું કોઈ પુણ્ય નથી અને સુધરેલા વાતાવરણને બગાડવું તેથી મોટું કોઈ પાપ નથી. જેના પગલે વાતાવરણ સુધરે તેને સંત કહેવાય. તેથી તો લોકો સંતોની પધરામણી કરાવતા હશે ! ત્રણે તપસ્વીઓ તાટકાવનમાં રાત રહ્યા.

# આપકી યાત્રા સુખદ રહો

**– મોરારિ બાપુ**



જે માણસને ઘરની બહાર નીકળવું ગમતું નથી અથવા નાછૂટકે ન ઘરની બહાર નીકળે છે તે પ્રવાસની પ્રસન્નતા પામતો નથી. કોઈ પણ પ્રકારનાં હિત કે હતુ વગરનાં પ્રવાસની મઝા સાવ અનોખી હોય છે પરંતુ પ્રવાસની પરેજી પાળનાર ઘરવાસી માણસને બાહ્યજગતનો અનુભવ થતો નથી, અને ખૂબ ફરવું એનો અર્થ એ નથી કે ઘરને ભુલી જવું પરંતુ માણસ હરી-ફરી-રખડીને છેવટે જયારે પોતાના ઘેર પાછો ફરે છે ત્યારે જૂનું ઘર પણ નવું નક્કોર અને સ્વર્ગ કરતાં પણ સોહામણું લાગે છે, આ રીતે બાહ્યયાત્ર બાદ જયારે આંતરજગતનું દર્શન થાય છે ત્યારે માનવીને પોતાનું જ અંતઃકરણ નૂતન ભાસે છે અને તેથી તો કહ્યું છે કે સમજું થઈને પાછો ફર, ઘરતીનો છેડો છે ઘર.

રોજબરોજની યંત્રવત્ દિનચર્યાથી કંટાળી ગયેલાં માણસમાં તાજગી પ્રગટે તે માટે તહેવાર અને પ્રવાસ જેવાં ઉપકરણોની આવશ્યકતા છે. જગતનો દરેક જીવ પ્રવાસી છે અને જીવન એક યાત્રા છે. બેફામ તોયે કેટલું થાકી જવું પડયું, નહીંતર જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી, આ ઘરથી કબર અથવા ઘોડિયાથી સ્મશાન સુધીનું સ્થળાંતર એક પ્રવાસ છે. જયારે પ્રવાસમાં ધર્મ ભળે તો પ્રવાસને તીર્થયાત્રાનો દરજજો પ્રાપ્ત થતો હોય છે એ અર્થમાં માણસમાં ધર્મ ભળે તો પ્રવાસનને તીર્થયાત્રાનો દરજજો પ્રાપ્ત થતો હોય છે એ અર્થમાં માણસ ધાર્મિક બને તો છઠીયાથી ખાપણ સુધીની અને હાલરડાંથી મરશિયા સુધીની જીવનયાત્રા તીર્થયાત્રા બની જતી હોય છે.

પ્રવાસમાં જે સ્ટેશન જતું રહ્યું છે તેનો શોક અને જે સ્ટેશન આવવાનું બાકી છે તેની ચિંતા કરવાથી જે સ્ટેશન ઉપર ગાડી ઊભી હોય તે સ્થાનની મઝા ચૂકી જવાય છે માટે ભૂતકાળની ભૂલનો સંતાપ અને ભવિષ્યની ચિંતા છોડી વર્તમાનને વધાવવો એ સાચા પ્રવાસીનું લક્ષણ છે. આપણાં ભકતકવિ નરસિંહ મહેતાએ ગઈકાલ અને આવતીકાલને ભૂલી આજની ઘડીને રળિયામણી ગણી છે.

માનવીની જીવનયાત્રાને હું મારી સમજણ પ્રમાણે ચાર પ્રકારોમાં વિભાજિત કરું છું.

(૧) પહેલી યાત્રામાં ઘરની બહાર નીકળે છે પરંતુ ઘરથી બહુ દૂર જતો નથી. આ યાત્રાની મંઝિલ સાવ સરળ અને સમીપ હોય છે. માણસ પોતાનાં ઘરમાંથી નીકળીને ગામમાં કોઈનાં ઘેર જાય, અથવા ગામનાં પાદર સુધી જાય કે બહુ બહુ તો ગામની સીમનાં ખેતર સુધી જાય તો આ યાત્રાનો વિસ્તાર છે. આ યાત્રામાં યાત્રિક ગામની બહાર જતો નથી તેથી આ પરઘર જવાની યાત્રા છે જેમાં ઘર, પાદર કે ખેતરનું મહત્વ જોવા મળે છે.

(૨) બીજી યાત્રામાં પ્રવાસી પોતાનાં ઘરમાંથી તો બહાર નીકળે છે પરંતુ પોતાનાં ગામમાંથી પણ બહાર નીકળે છે. પ્રથમ યાત્રામાં યાત્રિક એમ કહેશે કે હું ફલાણાં ભાઈનાં ઘેર જઉં છું જ્યારે આ બીજી યાત્રામાં એમ કહેશે કે હું ફલાણા ગામ જઉં છું. બીજી યાત્રા પરગામ જવાની યાત્રા છે.

(૩) ત્રીજી યાત્રામાં પથિક પોતાનાં દેશમાંથી બહાર નીકળે છે અને આ યાત્રામાં ઘર, પાદર કે ખેતરનું મહત્વ નથી પરં ગામનું પણ મહત્વ નથી. આ યાત્રામાં દેશનું મહત્વ છે. આ યાત્રામાં પથિક અમેરિકા દેશનાં કેલિફોર્નિયા રાજ્યનાં લોસ એન્જલસ શહેરમાં રહેતા કોઈ સગાં કે મિત્રનાં ઘેર જતો હશે તો પણ ઘર, શહેર, રાજ્યનું નામ આપવાને બદલે એમ કહેશે કે હું અમેરિકા જઉં છું કારણ ત્રીજી યાત્રામાં દેશનું મહત્વ છે અને આ યાત્રા પરદેશ જવાની યાત્રા છે.

(૪) ચોથી મુસાફરી એવી છે જેમાં મુસાફર ચાર પડાવ પાર કરે છે. પહેલા પડાવમાં તે ઘરમાંથી બહાર નીકળે છે બીજા પડાવમાં તે ગામમાંથી બહાર નીકળે છે. ત્રીજા પડાવમાં તે દેશમાંથી બહાર નીકળે છે અને અંતિમ પડાવમાં તે પૃથ્વી એટલે કે મૃત્યુલોકમાંથી બહાર નીકળી જાય છે. અવકાશમાં ગયેલું યાન અને અવકાશયાત્રી પરત આવે છે પણ મૃત્યુલોક છોડીને ગયેલા જીવ ક્યારેય પોતાના ઘરે પાછો આવતો નથી.

હવે આ ચાર યાત્રાના તફાવતને સમજી લઈએ. માણસ નક્કી કરે કે મારે આખી જિંદગી મારા ઘરમાંથી બહાર નીકળવું જ નથી અને ઉંબરને ડુંગર સમજીને ઘરમાં પૂરાઈ રહે તો પરઘરની પ્રથમ યાત્રાને નિવારી શકશે. બીજો કોઈ માણસ એમ નક્કી કરે કે મારે ઘરની બહાર નીકળવું છે પરંતુ મારું ગામ અને મારી સીમ મારા વિહાર માટે પૂરતાં છે માટે મારે ગામની બહાર ક્યારેય નીકળવું નથી અને ગામમાં જ રહે તો કદાચ પરગામની બીજી સફરને રોકી શકશે. ત્રીજું આ વિશ્વમાં એવા ઘણાં માણસો છે જે જીવનમાં ક્યારેય પરદેશ જતાં નથી એ તમામ લોકો પરદેશની ત્રીજી યાત્રાને અટકાવી શક્યા છે પણ પરધામ અથવા પરલોક જવાની ચોથી યાત્રા એવી છે કે આ યાત્રામાં ન જવા માટે જીવ ગમે તેટલાં ધમપછાડા કરે પણ એક દિવસ તો જરૂર જવું પડે છે. આગળની ત્રણ યાત્રાને નિવારી શકાય પણ ચોથી યાત્રાનો કોઈ વિકલ્પ નથી માટે એ અનિવાર્ય યાત્રા છે અને અંતિમયાત્રા છે.

આગળની ત્રણ યાત્રામાં યાત્રા પૂરી થયા બાદ પ્રવાસી નીજઘરે પાછો ફરે છે પરંતુ ચોથી યાત્રામાં મૂળ સ્વરૂપે પાછા ફરવું સાવ અશક્ય છે. આત્મા અજર, અમર અને અવિનાશી છે એટલે આત્માને અગ્નિ બાળી ન શકે, પાણી ભીંજવી ન શકે, પવન સુકવી ન શકે તે બરાબર છે પણ આત્માને સ્વધામગમન કરવું હોય ત્યારે ખોળિયું બદલવું ફરજિયાત છે. આ ચોથી અને છેલ્લી યાત્રા હોવાથી ઘરથી સ્મશાન કે સમાધિસ્થાન સુધીની યાત્રા માટે અંતિમયાત્રા શબ્દ પ્રચલિત થયો હશે.

જીવનની જીવનસરિતાને ચાર પ્રકારનાં વિઘટિત કર્યા પછી સરિતાની જીવનયાત્રાને પણ ચાર પડાવમાં વિભાજિત કરીને મનુષ્ય અને મંદાકિની બનેની યાત્રાને સાક્ષીભાવે નિહાળીએ.

(૧) ગંગા ગૌમુખ એટલે કે ગંગોત્રીમાંથી પ્રગટ થાય છે, ગૌમુખ એ ગંગાનું ઘર છે, ઘરમાંથી નીકળીને ગંગા જ્યાં સુધી હરિદ્વાર સુધી પહોંચતી નથી એ પ્રથમ પડાવ છે જેમાં ઘરનું એટલે કે ગંગોત્રીનું મહત્વ છે.

(૨) ભાગીરથી જ્યારે હરિદ્વાર પહોંચે છે તે ગંગાયાત્રાનો બીજો પડાવ છે, અહીંથી ગંગા પોતાનો મલક છોડીને પરગામ પહોંચી હોય એવું લાગે છે અહીં ગંગોત્રી કરતાં હરિદ્વારની ગંગા તરીકે એની પૂજા-આરતી થાય છે.

(૩) મંદાકિનીનો ત્રીજો મુકામ પ્રયાગ છે. સંત તુલસીદાસે પ્રયાગને તીર્થરાજની ઉપમા આપી છે

કારણ અહીં ગંગા, જમના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ છે. માણસ જયારે ત્રીજા પ્રકારની યાત્રામાં પરદેશ જાય ત્યારે પણ ભય, વિસ્મય અને સંચયનો ત્રિવેણી સંગમ રચાય છે. પોતાના વતનથી દૂર આવી જવાથી એક પ્રકારનો ભય એના મનમાં હોય છે. નવાં માણસો અને નવાં સ્થળોએ પરિચય પરદેશીને વિસ્મયથી ભરી આપે છે અને વિદેશયાત્રાનાં સારા-માંઠા તમામ સંસ્મરણોનો પોતાની સ્મૃતિમાં સંચય કરે છે. આમ મનુષ્ય હોય કે મંદાકિની પણ ત્રીજો પડાવ ત્રિવેણી સંગમનો પડાવ છે.

(૪) ગંગાનો અંતિમ પડાવ ગંગાસાગર છે. પહાડમાંથી નીકળેલી સરિતા સાગરમાં સમાઈ જાય તે નદીની જીવનયાત્રા છે જે રીતે પંચ મહાભૂતોમાંથી બનેલું ખોળિયું દહન કે દફન બાદ પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિમાં વિલીન થઈ જાય છે તેવી જ રીતે સરિતા પણ અંતિમ પડાવમાં પોતાનાં તમામ તત્વોને સાગરમાં સમાવીને શાંત થઈ જાય છે.

મહાત્મા તુલસીદાસે લખ્યું છે કે કોઈપણ પ્રકારની યાત્રા હોય પરંતુ એમાં (૧) ભાથું (૨) સંગાથ (૩) ગંતવ્યપ્રીતિ ન હોય તો યાત્રા સફળ, સુફળ અને સુખદ બનતી નથી.

(૧) ભાથું : આપણાં પ્રાચીન ભજનોમાં પણ ભાથું તમે લેજોને સંગાથ એમ કહ્યું છે કારણ કોઈ પણ પ્રકારની યાત્રામાં ભોજન જરૂરી છે. આપણે ઘેરથી ઢેબરાં કે સુખડી બનાવીને સાથે લઈએ છીએ અથવા માર્ગમાં સ્વરૂચિ ભોજન લઈ શકાય તે માટે જરૂરી સંપતિ સાથે લઈએ છીએ. તુલસીદાસે વાટખર્ચી માટે સંબલ શબ્દ પ્રયોજયો છે. પરંતુ જીવની પ્રથમ ત્રણ યાત્રામાં આ પ્રકારનું ભાથું ઉપયોગી થશે બાકી અનંતયાત્રામાં તો હરિનામનું ભાથું જ ભૂખને ભાંગશે કારણ પરધામનાં પથમાં ભજન જેના માટે ભોજન હશે એ ભૂખ્યા રહેવું પડશે નહીં.

(૨) સંગાથ : કોઈપણ યાત્રામાં સંગાથ સારો હોય તો યાત્રાનો થાક લાગતો નથી, કંટાળો આવતો નથી અને પ્રવાસ સુખદ સંસ્મરણ બની જાય છે પરંતુ અનંતયાત્રામાં કોઈ વ્યક્તિ કે વસ્તુને સંગાથમાં લઈ જવાની સુવિધા નથી કારણ એ પ્રવાસમાં તો સાથી વિના સંગી વિના એકલા જ જવાનું છે, માણસ ગમે તેટલો અમીર હોય છતાં નાનકડી સોય પણ સાથે લઈ જઈ શકતો નથી ત્યારે માનવીનાં કર્મ એના સંગાથી બને છે. જો સત્કર્મ કર્યા હશે તો પ્રવાસમાં સજજનનો સંગાથ હોય એવો અનુભવ થશે અને જો દુષ્કર્મ કર્યા હશે તો કોઈ પ્રતિકૂળ હમસફરનો સંગાથ હોય એવો અનુભવ થશે.

(૩) ગંતવ્યપ્રીતિ : પ્રવાસની મઝા માટે જે જગ્યાએ જવાનું હોય એનાં પ્રત્યેની લાગણી જરૂરી છે કારણ કોઈ વિદ્યાર્થીને છાત્રાલયમાં જવું ગમતું ન હોય છતાં એને પરાણે જવું પડે અથવા કોઈ દુઃખી સાસરિયાની વહુને પોતાનાં સાસરે જવું ગમતું ન હોય છતાં અનિચ્છાએ જવું પડે તો આ બંને કિસ્સામાં પ્રવાસીને પોતાનાં ગંતવ્યસ્થાન ઉપર પ્રીતિ નથી તેથી પ્રવાસીને આનંદ પ્રાપ્ત થશે નહીં. જો ગંતવ્યસ્થાન ઉપર પ્રીતિ હશે નહીં તો પ્રવાસમાં ગમે તેટલા આનંદદાયક સ્થળ અને પરિબળ હશે તો પણ પ્રવાસીને આનંદ મળવાનો નથી.

વિશાળ અર્થમાં જોઈએ તો સાચી યાત્રા ચોથી યાત્રા છે કારણ પહેલી ત્રણ યાત્રા એ યાત્રા નથી, પ્રવાસી જેને મંઝિલ માને છે એ તો માત્ર ઉતારા છે, જીવનમાં ઘણીવાર ઉતારા પણ મંઝિલનું રૂપ ધારણ કરીને પ્રવાસીને ભ્રમણમાં નાખતાં હોય છે, પરઘર, પરગામ કે પરદેશની યાત્રા એ સાચી યાત્રા નથી, અનિવાર્ય યાત્રા તો પરલોકની યાત્રા છે અને આ યાત્રામાં હરિનામનું ભાથું, સત્કર્મોનો સંગાથ અને પરલોક પ્રત્યેની પ્રીતિ હશે તો મૃત્યુ પણ મહોત્સવ બની જશે. વિશ્વનો દરેક જીવ દીર્ઘાયુ બને અને એની દરેક યાત્રા સુખદ રહે એવી શુભકામના.

**જે આનંદમાં બધા સહભાગી ન હોય, તે અપૂર્ણ છે. – મહર્ષિ અરવિંદ**

# જીવનમાં શ્રદ્ધા, આશાની સાથે પ્રેમ ભળે તેનું જીવન મહેકી ઉઠે

**- રમેશભાઈ ઓઝા**

મનુષ્ય સંસારમાં આવીને સુખ અને દુઃખનાં દ્વંદ્વમાં પીસાતો રહે છે, એમ છતાં બધા જ અવતારોમાં મનુષ્યનો અવતાર શ્રેષ્ઠ માનવામાં આવે છે કે મનુષ્યને બીજા જીવો કરતાં ભગવાને સૌથી વધારે સંવેદનાનું વરદાન આપેલું છે. મનુષ્યનું હૃદય એટલે જાણે લાગણીઓનો દરિયો અને ભાવનાનું સરોવર. હૈયામાં આશા, શ્રધ્ધા જેવાં બે તત્વોની સાથે-સાથે પ્રેમનું તત્વ ઉમેરાતાં જેના જીવનમાં શ્રધ્ધા, આશાની સાથે-સાથે પ્રેમ ભળે, તેનું જીવન સુગંધી સુગંધી બની જાય. પ્રેમમાં અનન્યા જરૂરી છે. સંકીર્ણતામાં જો પ્રેમ ફસાઈ જાય તો પ્રેમનું ગૌરવ ઓછું થઈ જાય. ગોપી જે ભાવે કૃષ્ણને સમર્પિત થઈ હતી. એ ભાવે તમે પણ કૃષ્ણને સમર્પિત થઈ શકો છો અને એ જ પ્રેમનાં તંતુથી તમે પરિણયમાં આવનાર સૌને પ્રેમના અજબ રસાયણથી ભીંજવી શકો છો.

પ્રેમ અને વાસના એક નથી, પણ એકબીજાના વિરોધી છે. વાસના ભટકાવે છે, પ્રેમ વ્યક્તિને વિશાળતા આપે છે. રાગ અને અનુરાગ સનાતન ભાવો છે અને તેના પ્રતીકો રામાયણમાં પણ પડયા છે. રામાયણના અરણ્યકાંડમાં બે પાત્રો આ વાતની પ્રતીતિ પૂરી પાડશે. બંને નારી પાત્રો છે. એકનું નામ છે, શબરી અને બીજા પાત્રનું નામ છે, શૂર્ણપખા, શબરી અને શૂર્પણખામાં ભેદ એટલો છે શૂર્પણખાને ભગવાન પાસે જવું પડ્યું, જ્યારે શબરી પાસે ભગવાન પોતે જાય છે. શૂર્પણખા રાગ છે, તો શબરી અનુરાગ છે. શબરી જેવાં છે તેવાં સહજ બનીને રામને ભજે છે. એમનાં વ્યક્તિત્વમાં કોઈ દંભ નથી.

આચરવામાં અભિમાન નથી. તેમનું સમગ્ર વ્યક્તિત્વ નિર્મળ છે. વિનમ્ર છે અને એમનું ભક્તિપૂર્ણ હૃદય હરહંમેશ ભગવાનમાં લાગેલું રહે છે. જ્યારે શૂર્પણખા રાગ અને વાસનાથી ભટકતી ભટકતી રામ પાસે પહોંચે છે, ત્યારે પણ ભગવાન એને અપનાવતા નથી, કેમ કે તેનામાં દંભ છે. તેથી જ તે એ દેખાવાનો પ્રયત્ન કરે છે. અભિમાની છે. કપટી છે, કામી છે અને બનાવટી રૂપ ધારણ કરીને રામને વરવા નીકળી છે. એક પ્રેમ તો બીજી વાસના. 'ન તુમ સમ પુરુષ, ન મો સમ નારી.' આ શૂર્પણખાના ઉદ્‌ગારો છે.

આ ઉદ્‌ગારોમાં છલોછલ છલકાતો અહં છે અને ભડભડ બળતી વાસના છે. જયાં સાચો પ્રેમ પ્રગટે ત્યાં સૌપ્રથમ તો તેનો અહં જ ઓગળી જાય. પીગળીને પાણી ન બની જાય. અને પછી વહેવા માંડે. પ્રેમ દ્રવે, પ્રેમ દ્રવિભૂત કરે. રસાયણશાસ્ત્રની ભાષામાં કહીએ તો તે લિકવિડ ફોર્મમાં છે. પરિચયમાં આવનાર સૌને ભીંજવી દેવા તે તેનો સ્વભાવ છે. પ્રેમ સ્વયં ભીંજાયેલો હોય અને બીજાને પણ ભીંજવી દે. પ્રેમ પાણીની માફક વહે. જયારે અહંકાર તો પથ્થર જેવો કઠોર અને ચાલનારને ઠેસ પહોંચાડનારો હોય છે.

શબરી પ્રેમનું પ્રતીક છે, તો શૂર્પણખા વાસનાનું પ્રતીક છે. પ્રેમ હોય ત્યાં દીનતા આવે, જયારે વાસના પોતાના સ્વાર્થની ચિંતા કરે. પ્રેમમાં સામાને સુખી કરવાનો પ્રયત્ન હોય. પ્રેમ તત્સુખની ચિંતા કરે અને પ્રેમમાં સમર્પણ છે. શબરી અનન્યતાથી રામના પ્રેમમાં છે અને રામને સમર્પિત છે. પ્રેમમાં બંધન તો છે પણ બંધન પણ વહાલું લાગે છે. આમ તો રસ હોય ત્યાં ગાંઠ ન હોય અને ગાંઠ હોય રસ ન હોય. પણ બે પદાર્થો એવા છે જેમાં આ સિધ્ધાંત લાગુ નહીં પડે. એક શેરડીનો સાંઠો અને બીજી લગ્નની છેડાછેડીની ગાંઠ. આ બંનેમાં ગાંઠ હોવા છતાં રસ છે. પ્રેમ એક એવી રસ્સી છે કે તેનું બંધન જ

**આશા અમર છે. તેની આરાધના કદી પણ નિષ્ફળ નથી જતી. – મહાત્મા ગાંધી**

કંઈક અનોખું છે. મીરાંએ તો પ્રેમના બંધનને સૂતરના કાચા તાંતણા સાથે એક ભજનમાં સરખાવતાં ગાયું છે :

કાચે તે તાંતણે હરિજીએ બાંધી,
જેમ ખેંચે તેમ તેમની રે...
મને લાગી કટારી પ્રેમની રે...

આ પ્રેમની કટારી જયારે લાગે ત્યારે તેમાંથી લોહી નીકળતું નથી કે જખમ થતો નથી, પણ શ્રધ્ધા અને સમર્પણની ગાંઠ વધારે દઢ ગૂંથાય છે. મીરાંએ આ પ્રેમની કટારી અને પ્રેમના બંધનને કાંચા તાંતણા સાથે બાંધીને ગર્ભિત રીતે કાંચા તાંતણાના એક છેડે પોતે અને બીજો છેડો હરિજીના હાથમાં સોંપીને સમગ્ર જાતને જ હરિને સોંપીને કહ્યું કે, ‘જેમ ખેંચે તેમ તેમની રે...’ પ્રેમની આ સર્વોચ્ચ સપાટી ગણાય. પ્રેમ રસ્સીનું બંધન જ કંઈક અલગ છે. ભ્રમર લાકડામાં કાણું પાડી શકે, એને છેદી શકે, પરંતુ સાંજ થતાં કમળમાં કેદ થયેલો ભ્રમર કોમળ કમળને છેદતો નથી. કેમ ? પ્રેમ છે એટલે. જેને તમે ચાહો છો તેને હાનિ કઈ રીતે પહોંચાડી શકો ? તેનામાં છિદ્ર કઈ રીતે કરી શકાય. અરે ! છિદ્ર (દોષ) નથી.

મીણબત્તીમાં દોરો બળતો રહે છે, મીણ ઓગળતું રહે છે. જેને દિલમાં રાખ્યો એને બળતાં કેમ જોઈ શકાય ? તેથી દોરો પોતાના મીણને પીગળતું જોઈ શકતો નથી. સો વર્ષના આયુષ્યમાં પ્રેમ-સર્વોચ્ચ, પ્રેમના બે-ચાર દિવસ જેને ન મળ્યા, તેનું સો વર્ષનું આયખું પણ નકામું. જેણે પ્રેમમાં ડૂબકી નથી લગાવી. તેની તો દયા ખાવી જોઈએ.

સાત સૂરોં કા યહ બહેતા
દરિયા કૃષ્ણ તેરે નામ
હર રંગ મેં હર રંગ મેઘધનુ કા,
તેરે નામ, તેરે નામ, તેરે નામ.

જેના પ્રત્યે તમને પ્રેમ છે તેનું ચિંતન અહર્નિશ ચાલ્યા કરે છે. પ્રત્યેક રંગમાં રંગાયેલા ભકતને શ્રીકૃષ્ણ આકાશમાં ખીલેલાં રંગધનુષ્યની જેમ બધા જ રંગોમાં નીરખવા મળે. બલિદાન માગે તે પ્રેમ નહીં, બલિદાન આપે તે પ્રેમ. પ્રેમમાં તો સમર્પણ થાય અને સર્મણ કર્યા વગર રહી જ ન શકાય. સમર્પણ પ્રેમનો સ્વભાવ છે. સમર્પણ કરવું ન પડે થઈ જાય. વ્યક્તિ ઓગળી જાય, મારાપણું રહે જ નહીં. મારાપણું મળે, તે પ્રેમ, શ્રધ્ધા અને આશા સાથે પ્રેમ પણ ભળે તો જીવન મહેકી ઉઠે છે.

# કુપાત્ર દાન નરકનાં દ્વાર ખોલનારું છે

– હરિભાઈ કોઠારી

**सप्तैतानि न पूर्यन्ते पूर्यमाणान्यनेकशः ।**
**ब्राह्मणोऽग्निर्यमो राजा पयोधिरुदरं गृहम् ।।**

‘‘બ્રાહ્મણ, અગ્નિ, યમરાજ, રાજા, દરિયો, પેટ અને ઘર આ સાત અનેક રીતે પૂરવાનો પ્રયત્ન કરવા છતાં (કદી) પુરાતાં (ભરાતાં) નથી.’

ગમે એટલું આપવા છતાં સંતુષ્ટ ન થનારા સાત મહાનુભાવોની આ સૂચિ છે. આ સૂચિપત્રમાં પ્રમુખસ્થાને બ્રાહ્મણ બિરાજે છે. ગમે એટલી દક્ષિણા આપો છતાં બ્રાહ્મણને સંતોષ નથી થતો. અગિયાર રૂપિયા આપો તો એકવીસ માગશે અને એકવીસ આપશો તો એકાવનની અપેક્ષા રાખશે. આપણા શાસ્ત્રકારોએ એથી જ બ્રાહ્મણને જમાડીને દક્ષિણા આપવાનું સૂચવ્યું છે. જમવામાં ભલે પાંચના સાત લાડુ ખાય, પણ આખરે ઓડકાર આવે અને પરિણામે બ્રાહ્મણને તૃપ્ત કરીને

મોકલ્યાનું આપણને પણ સમાધાન સાંપડે. રૂપિયાનો કદી ઓડકાર આવતો જ નથી. સાચા બ્રાહ્મણમાં સંતોષનો ગુણ અપેક્ષિત છે. સુભાષિતકાર કહે છેઃ

**અસંતુષ્ટાઃ દ્વિજાઃ નષ્ટાઃ સંતુષ્ટાશ્ચ મહીંભુજઃ**
**સલજ્જાઃ ગણિકાઃ નષ્ટાઃ નિર્લલજ્જા કુલ સ્તિયઃ**

અર્થાત્ અસંતોષી બ્રાહ્મણો નાશ પામે છે, સંતોષી રાજાઓ નાશ પામે છે, લજ્જાશીલ ગણિકાઓ નાશ પામે છે તો નિર્લજ્જ કુલીન સ્ત્રીઓ નાશ પામે છે.

સન્નિષ્ઠ સાત્ત્વિક બ્રાહ્મણને લોકો પ્રભુકાર્યાર્થે કે સંસ્કૃતિ પ્રચારાર્થે વિત્ત આપે છે. હવે આ બ્રાહ્મણ જો સંતોષી વૃત્તિનો ન હોય તો બધું જ વિત્ત યથેચ્છા પોતાની ભોગતૃપ્તિ કે પ્રસિદ્ધિને માટે વાપરી નાખે અને પરિણામે પોતાનું પતન તેમ જ સમાજનો સર્વનાશ નોતરે. હું બ્રાહ્મણ છું. મને મળેલું વિત્ત હું ગમે એમ વાપરું. કોઈ મને પૂછનાર કોણ?' આવું બોલનાર ઉન્મત્ત બ્રાહ્મણને દાન આપતાં પહેલાં સમાજે સાત વાર વિચાર કરવો જોઈએ. કુપાત્ર દાન નરકનાં દ્વાર ખોલનારું છે એ ન ભૂલવું જોઈએ.

અગ્નિ પણ કદી તૃપ્ત નથી થતો. તે સર્વભક્ષી ગણાય છે. સંસ્કૃતમાં તેને 'અનલમ્' કહે છે. 'અલમ્' એટલે 'બસ'. અગ્નિમાં ગમે એટલું હોમો છતાં એ કદી 'બસ' નથી કહેતો એથી એનું 'અનલમ્' (અન્અલમ્) નામ સાર્થક છે. મોટાં-મોટાં જંગલો કે નગરોનાં નગરો બાળીને પણ અગ્નિ અતૃપ્ત રહે છે.

મૃત્યુનો દેવ યમરાજ પણ એ જ પરંપરાનો છે. ગમે એટલાં પ્રાણીઓને માર્યા છતાં તેને સંતોષ નથી થતો. કાળનું ખપ્પર કદી નથી ભરાતું. ત્રણસો પાંસઠ દિવસ અને ચોવીસે કલાક યમરાજની પ્રવૃત્તિ ચાલુ છે. સ્મશાન કદી બંધ નથી રહેતું.

રાજા (સરકાર)નું પણ કદી પૂરું નથી થતું. જાત-જાતના કર (ટેક્સ) નાખ્યા જ કરે છે, 'ગ્રામમાતા' કાવ્યમાં કલાપીએ આ વાત નોંધી છે. ગુપ્તવેશે આવેલા રાજાને વૃદ્ધા શેરડીનો રસ પાય છે. રસ પીતાં-પીતાં રાજાને વિચાર આવે છે કે, આ ખેડૂતો કેટલા સમૃદ્ધ છે. હું તેમની પાસેથી ઘણો ઓછો કર લઉં છું.' આ વિચારની અસર નિસર્ગ પર થાય છે. રાજાને વધુ રસ પાવા વૃદ્ધા શેરડી પર છરીનો ઘા કરે છે. આ વખતે રસ નથી નીકળતો. કલાપી વૃદ્ધ માતાના મુખમાં સરસ શબ્દ મૂકે છેઃ

**રસહીન ધરા થઈ છે, દયાહીન થવો નૃપઃ**
**નહીં તો ના બને આવું, બોલી માત ફરી રડી !**

પયોધિ એટલે સાગર પણ કદી નથી ઊભરાતો. દુનિયાભરનું પાણી એમાં ઠલવાય તોપણ સમુદ્ર કદી નથી છલકાતો. મહેરામણની આ મર્યાદાને ધ્યાનમાં લઈને તો માણસ વિશ્વાસથી દરિયાકિનારે મોટાં-મોટાં મહાલયો ચણે છે.

માણસને પ્રભુએ આપેલું પેટ પણ એવું જ છે. ગમે એટલું ખવડાવો છતાં પેટ પાછું ખાલી થઈ જાય છે. ભૂખ માણસને ભટકતો રાખે છે. પેટ ભરવા માટે માણસ સતત પરિશ્રમ કરતો રહે છે.

ઘર પણ કદી નથી ભરાતું. પ્રતિદિન કોઈક વસ્તુની તો ઘરમાં આવશ્યકતા રહે જ છે. આજ કશું જ નથી જોઈતું' એવું કદી કોઈ ઘરમાં નથી બનતું. એથી જ ઘણા માણસો ઘર માંડતાં ડરતા હોય છે.

આપણા જીવનમાં રહેલી અપૂર્ણતા એ પ્રભુની બક્ષિસ છે, આપણને ભૂખ, તરસ લાગે છે; પરંતુ ભક્તિ નથી લાગતી. ભૂખ અન્ન તરફ ખેંચે, તરસ પાણી પીવા પ્રેરે અને ભક્તિ પ્રભુ તરફ વાળે. પ્રભુ પૂર્ણ છે એથી અપૂર્ણ માણસ પૂર્ણતા પામવા પ્રભુ તરફ દોડે, આ રીતે અપૂર્ણતા એ ભક્તિ માટેનું પ્રેરક બળ બની રહે છે. વાસનામાં અતૃપ્તિ છે, તૃપ્તિ તો વસે છે ઈશભક્તિમાં.

● ● ●

**કલા એટલે અપૂર્ણમાંથી સંપૂર્ણ બનવાનો પ્રયત્ન. થોમસ ફૂલર**



# ગંગામૃત

– સાધ્વી ગીરીજાગીરી

**ભજન : ૪૫**

વસ્તુ વિચારીને દિજીએ રે,
જો જો તમે સદ્પાત્ર રે,
વરસ સુધી અધિકારી પણું જોવું ને,
ફેર ન રહે અણું માત્ર રે... વસ્તુ...
ભાઈ રે... ગુરુને ક્રોધ થયો એવું જ્યાં લગી જાણો ને,
ત્યાં લગી શુદ્ધ અધિકારી ન કહેવાય રે,
ગુરુજીના વચનોમાં આનંદ પામે ને;
આવીને લાગે એને પાય રે... વસ્તુ...
ભાઈ રે... એવા શુદ્ધ અધિકારી જેને ભાળોનો
તેને કરજો ઉપદેશ રે,
ગંગાસતી એમ બોલિયા ને,
એને લાગે નહિ કઠણ વચનનો લેશ રે... વસ્તુ...

**ભાવાર્થ :** અધ્યાત્મ માર્ગમાં જે લોકો આગળ વધ્યા હોય છે, જેને ગુરુકૃપાથી જ્ઞાન થઈ ગયું છે એવું જ્ઞાન બીજાને આપવા માટે સમરથ છે. એવા જ્ઞાની-ભક્તોને કેવો વહેવાર કરવો તે સમજાવ્યું છે. આગળના ભજનમાં કેવા માણસોનો સંગ ન કરવો, તેનાથી દૂર રહેવું તેની ચોખવટ કરી છે અને હવેના ભજનમાં જે કાંઈ આપણી પાસે જ્ઞાન છે તે અન્યને આપવું છે તો વિચારીને આપવું. કેવા પાત્ર ને આપવું તે બતાવે છે.

**પંક્તિ : ૧**

વસ્તુ વિચારીને દિજીએ રે,
જો જો તમે સદ્પાત્ર રે,
વરસ સુધી અધિકારી પણું જોવું ને,
ફેર ન રહે અણું માત્ર રે... વસ્તુ...

**ભાવાર્થ :** અધ્યાત્મનું જ્ઞાન આપવા માટે અધિકારી પણું હોવું જરૂરી છે તેની બધા જ શાસ્ત્ર વાત કરે છે કે, એ અધિકારી વગર આ વસ્તુ આપવી નહીં. જે સદપાત્ર હોય તેને જ આપવી. આપતા પહેલા એક વરસ તેને પોતાની સાથે રાખીને તેનું નિરક્ષણ કરવું કે ક્યાંક તેનામાં ખામી તો નથી ને પછી સદ્પાત્ર લાગે તો જ વસ્તુ આપવી.

**પંક્તિ : ૨**

ભાઈ રે... ગુરુને ક્રોધ થયો એવું જ્યાં લગી જાણો ને,
ત્યાં લગી શુદ્ધ અધિકારી ન કહેવાય રે,
ગુરુજીના વચનોમાં આનંદ પામે ને;
આવીને લાગે એને પાય રે... વસ્તુ...

**ભાવાર્થ :** અધ્યાત્મનો માર્ગ એ ભક્તિનો માર્ગ છે. આ માર્ગમાં ભક્તિ અનિવાર્ય છે. અને ભક્તિ એ સાચું સમર્પણ છે. આ માર્ગમાં ગુરુને ભગવાન સમાન ગણવામાં આવે છે. આ માર્ગ પર ચાલવું ઘણું જ કઠીન કામ છે. સદશિષ્ય માટે ગુરુને જ કઠોર બનવું પડે છે. ત્યારે જ શિષ્યમાં પરિપક્વતા આવે છે. આ એક ભક્તિનું અંગ છે. ગુરુની કઠોરતા એક સત્ય સાધન છે. સદ્શિષ્ય તેનો સ્વીકાર કરે છે અને જે સ્વીકાર નથી કરતા અને એવું જાણે કે ગુરુ ક્રોધ કરે છે તો સમજી લેવું કે એ અધિકારી નથી. જે અધિકારી હશે તેને ગુરુનો કોઈ પણ વહેવાર આનંદમય લાગશે હરતા-ફરતા-ઉઠતા બેસતા કોઈ પણ કામ માટે બહાર આવતા-જગત ગુરુજીને પાય લાગ્યા વગર પગલું નહીં ભરે. ગુરુના આશીર્વાદ લઈને બધો જ વહેવાર આનંદથી કરશે. આવી રીતે જેનું વર્તન કાયમ રહે તેને જ ઉપદેશ આપવો.

**પંક્તિ : ૩**

ભાઈ રે... એવા શુદ્ધ અધિકારી જેને ભાળો
તેને કરજો ઉપદેશ રે,
ગંગાસતી એમ બોલિયા ને,
એને લાગે નહિ કઠણ વચનનો લેશ રે... વસ્તુ...

**ભાવાર્થ :** ગંગાસતીએ જે કાંઈ અધિકારીના લક્ષણો બતાવ્યા એવા જો કોઈ અધિકારી લાગે તો તેને જ્ઞાન આપવું, બોધ આપવો, ઉપદેશ આપવો. જે પૂરા અધિકારી હશે તેને ગમે તેવા ગુરુજી કઠોર વચનો કેશે પણ તેને જરા પણ મનમાં લાગશે નહીં. ગુરુના કઠોર વચનોમાં પણ સાર દેખાશે. તેને આનંદ આપવો. આવા લક્ષણો જેનામાં તમને દેખાય તેને ઉપદેશ કરજો અને એવા અધિકારી સદ્‌શિષ્ય ઉપદેશ ગ્રહણ કરશે. વસ્તુ વિચારીને આપજો આવું ગંગાસતીનું કહેવું છે.

## પ્રશ્નબેંક

૧. ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન કોણ હતા ?
   ૧. જવાહરલાલ નહેરૂ, ૨. લાલબહાદુર શાસ્ત્રી
   ૩. વલ્લભભાઈ પટેલ

૨. ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ કોણ હતા ?
   ૧. ઈન્દીરા ગાંધી, ૨. સ્મિતા પાટીલ
   ૩. દ્રૌપદી મુર્મુ

૩. રવિન્દ્રનાથ ટાગોરને કયા કાવ્ય સંગ્રહ માટે નોબેલ પ્રાઈઝ મળ્યું હતું ?
   ૧. ભગવદ્ ગીતા ૨. ગીતાંજલિ
   ૩. ગીત ગોવિંદ

૪. વિજ્ઞાનક્ષેત્રે પ્રથમ નોબેલ પ્રાઈઝ મેળવનાર ભારતીય વૈજ્ઞાનિક કોણ ?
   ૧. સી.વી. રમણ, ૨. અબ્દુલ કલામ,
   ૩. હોમીભાભા

૫. ગુજરાતમાંથી પ્રથમ વડાપ્રધાન બનનાર કોણ હતા ?
   ૧. નરેન્દ્ર મોદી, ૨. લાલકૃષ્ણ અડવાણી
   ૩. મોરારજીભાઈ દેસાઈ

૬. ભારતના પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ કોણ હતા ?
   ૧. ડો. અબ્દુલ કલામ, ૨. ડો. જાકીર હુસેન
   ૩. ફકરૂદિન અલિદહમ

૭. વનસ્પતિમાં પણ જીવ છે. એવું અપ્રતિપાદિત કરનાર ભારતીય વૈજ્ઞાનિક કોણ હતા ?
   ૧. વિક્રમ સારાભાઈ ૨. સી.વી. રમણ,
   ૩. જગદીશચંદ્ર બોઝ

૮. ભારતના પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ કોણ હતા ?
   ૧. દ્રૌપદી મુર્મુ ૨. આર.કે. નારાયણ,
   ૩. વી.વી. ગીરી

૯. બાંગ્લાદેશને આઝાદ કરાવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર વડાપ્રધાન કોણ હતા ?
   ૧. લાલબહાદુર શાસ્ત્રી, ૨. ઈન્દીરા ગાંધી
   ૩. નરેન્દ્ર મોદી

૧૦. સંદેશા વ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ લાવનાર વડાપ્રધાન કોણ ?
   ૧. અટલ બિહારી વાજપેયી, ૨. નરેન્દ્ર મોદી,
   ૩. રાજીવ ગાંધી

૧૧. હાલમાં કેટલામી લોક સભાની રચના કરવામાં આવી ?
   ૧. ૧૭ ૨. ૧૮ ૩. ૧૯

**ગતાંકના જવાબો :**

૧. ભૃગ ૨. દિવાણી ૩. વશિષ્ઠ ૪. કૌશિક
૫. કશ્યપ ૬. ભારદ્વાજ ૭. અત્રિ ૮. દેવલ
૯. અગત્સ્ય ૧૦. પીપલાદ ૧૧. યમદગ્ની

**સ્વર્ગનો સૌપ્રથમ પરિચય સારા કૌટુંબિક જીવનમાંથી મળે છે. – બ્રોવનિંગ**

# સુખ શોધશો તો મળી જશે

- કૃષ્ણકાંત ઉનડકટ

સુખનો સ્વભાવ સરકણો છે. સુખનો થોડોક અહેસાસ થાય ત્યાં કંઈક એવું બને છે કે સુખ સરકી જાય છે. સુખ માણસને ડરાવે છે. સુખ હોય ત્યારે માણસ સતત ડરતો રહે છે કે આ સુખ ચાલ્યું જશે તો ? આવો વિચાર આવે કે તરત જ સુખ સરકીને ચાલ્યું જાય છે અને માણસ દુઃખના ડરમાં ડૂબી જાય છે. વિચારો સૌથી વધુ દુઃખ આપે છે, કરુણતા પણ એ જ છે કે માણસ સૌથી વધુ વિચારો પણ સુખના નહીં, દુઃખના કરે છે.

માણસને એવું થયા રાખે છે કે સુખ એક રસ્તે આવે છે અને હજાર રસ્તે ભાગી જાય છે. દુઃખ હજાર રસ્તે આવે છે અને જવા માટે માત્ર એકાદ રસ્તો જ હોય છે. માણસના સુખ અને દુઃખનો આધાર એના ઉપર છે કે એ કયા રસ્તા ખુલ્લા રાખે છે અને કયા રસ્તા બંધ રાખે છે. આપણે દુઃખને ઝડપથી ઘૂસી આવવા દઈએ છીએ અને પછી દુઃખને જ આપણાથી વળગાડી રાખીએ છીએ.

એક વ્યક્તિ એક સાથે એક જ વસ્તુને બાથ ભીડી શકે છે, કાં તો સુખને અને કાં તો દુઃખને. તમારે સુખને ગળે વળગાડવું હશે તો દુઃખને ઝાટકો મારીને ખંખેરવું પડશે. સુખ માટે જગ્યા તો કરવી પડે ને ? ખાલી થયા વગર ભરાઈ શકાતું નથી.

દરરોજ આપણા જીવનમાં જે કંઈ બને છે એ સુખ કે દુઃખ નથી હોતું, એ ઘટનાઓ હોય છે. આપણે એ ઘટનાઓને સુખ કે દુઃખના ચોકઠામાં ફિટ કરીને સુખી અથવા દુઃખી થઈએ છીએ.

સુખી રહેવા માટે એક વાત હંમેશા યાદ રાખવાની હોય છે કે દરેક વખતે આપણે ધારીએ કે આપણે ઈચ્છીએ એવું બનવાનું નથી. બીજી વાત એ યાદ રાખવાની છે કે, બધું જ કંઈ ખરાબ બનવાનું નથી, એટલે કોઈ ઘટનાથી ડગી કે ડરી જવું નહીં.

એક યુવાન એક સાધુ પાસે ગયો. તેણે કહ્યું કે, મારી સાથે બધું ખરાબ જ બની રહ્યું છે ! યુવાનની વાત સાંભળીને સાધુએ તેને પ્રશ્ન કર્યો કે, હવે તું મને એમ કહે કે તારી સાથે સારું કંઈ બન્યું જ નથી ? યુવાને વિચારીને કહ્યું કે, સારું પણ બન્યું તો છે જ ! સાધુએ કહ્યું કે, બધું જ ક્યારેય કંઈ ખરાબ હોતું નથી અને બધું જ પૂરેપૂરું સારું પણ બનતું નથી. બે-ચાર ન ગમતી ઘટના બને તો એવું માની લેવાનું કે બધું ખરાબ જ થઈ રહ્યું છે ? જયારે કંઈક ખરાબ કે ન ગમતું બને ત્યારે તમારી સાથે જે સારું ગમતું બન્યું હોય તેનો વિચાર કરો તો સમજાશે કે સારું પણ થશે. તકલીફ ત્યારે થાય છે કે જયારે કંઈક ખરાબ થાય ત્યારે માણસ એ વિચારી જ નથી શકતો કે કંઈક સારું પણ થશે ! એટલે જ દુઃખી હોઈએ ત્યારે વધુ સમજણ અને પરિપકવતાની જરૂર પડે છે.

ગમે એવા દુઃખી હોઈએ ત્યારે પણ સુખ માટે થોડીક જગ્યા તો હોય જ છે. આપણે સુખની એ

જગ્યા આપણા ડરથી ભરી દઈએ છીએ, આવો ડર માત્ર કાલ્પનિક હોય છે. સુખ અને દુઃખની એક નાનકડી વાર્તા માણવા જેવી અને કાયમી યાદ રાખવા જેવી છે.

એક શિક્ષક કલાસમાં કાચની બરણી લઈને આવ્યા. વિદ્યાર્થીઓને પૂછ્યું તો જવાબ મળ્યો કે બરણી ખાલી છે. ટીચરે થોડાક ટેનિસ બોલ લીધા અને બરણીમાં નાખ્યા. બરણી ભરાઈ ગઈ. વિદ્યાર્થીઓએ કહ્યું હવે એક પણ બોલ બરણીમાં સમાય એમ નથી. ટીચરે નાના નાના પથ્થરો લીધા અને બરણીમાં નાખ્યા. બોલની વચ્ચે જગ્યા હતી ત્યાં પથ્થરો સમાઈ ગયા. બરણી પાછી ભરાઈ ગઈ. શિક્ષકે પછી રેતી લીધી અને બરણીમાં ઠાલવી. પથ્થરો વચ્ચે જ્યાં જગ્યા હતી ત્યાં રેતી સમાઈ ગઈ. વિદ્યાર્થીઓએ કહ્યું કે, હવે તો આ બરણીમાં કંઈ જ આવી શકે તેમ નથી. ટીચરે પાણીનો ગ્લાસ લીધો અને બરણીમાં પાણી રેડયું. પાણીનો આખો ગ્લાસ બરણીમાં સમાઈ ગયો.

બરણી બતાવીને ટીચરે વિદ્યાર્થીઓને કહ્યું કે, જિંદગી આબરણી જેવી છે. દરેક વખતે આપણને એવું લાગે છે કે, બરણી ભરાઈ ગઈ છે, હવે જરાયે જગ્યા નથી. દુઃખનું પણ એવું જ છે. દુઃખ આવે ત્યારે આપણને એવું લાગે છે કે સુખ માટે જરા પણ જગ્યા બચી નથી પણ સુખ માટે જગ્યા હોય જ છે. આપણ મનથી જ એવું માની લઈએ કે બધું ખતમ થઈ ગયું છે, સુખ જેવું કંઈ નથી તો આપણને સુખ માટેની ખાલી જગ્યા દેખાતી જ નથી. સવાલ સુખ તરફ નજર માંડવાનો હોય છે.

માણસ દુઃખ અને ચિંતામાં હોય ત્યારે એની એ જ વાતો મનમાં ઘૂંટયા રાખે છે. કોઈ મળે તો પણ એ જ વાતો કર્યા રાખે છે, બીજી કોઈ વાત એને સૂઝતી જ નથી. ડિસ્ટર્બ હોય ત્યારે કેટલા લોકો એવું વિચારે છે કે, ચાલો, કંઈક ગમે અને મજા આવે એવું કરીએ ? જો આવું વિચારો તો કંઈક ગમતું અને મજા આવે એવું મળી જ આવશે પરંતુ મોટા ભાગે માણસ ડિસ્ટર્બ હોય ત્યારે એવું જ વિચારે છે કે, કંઈ મજા આવતી નથી, ક્યાંય ગમતું નથી. સાચી વાત એ હોય છે કે આપણે મનથી જ નક્કી કરી લઈએ છીએ કે ક્યાંય મજા નહીં આવે. જે જોક ઉપર આપણે ખડખડાટ હસ્યા હોઈએ એ જ જોક આપણે ડિસ્ટર્બ હોઈએ ત્યારે કોઈ કહે તો આપણને જરાયે હસવું નહીં આવે, ઉલટું જોક કરનાર પર ગુસ્સો આવશે. આપણે આપણી માનસિક સ્થિતિને એવી જડ કરી દઈએ છીએ કે પછી તેને કંઈ અસર જ નથી કરતું. ડિસ્ટર્બ હોય ત્યારે કંઈક ગમતું કરી જોજો, મજા આવશે. અલબત્ત, મજાને તમારામાં આવવા દેવા, મન અને મગજના દરવાજા ખુલ્લા રાખજો.

કંઈક ખરાબ બને ત્યારે એવું વિચારો કે આપણા કંઈક સારા માટે બનતું હશે, કારણ કે, ખરાબ પછી સારું તો બનવાનું જ છે. દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે એટલી જ સહજતાથી સુખ અને દુઃખ આવતાં રહે છે. રાત પડે તો ડરો નહીં, યાદ રાખો કે સવાર પડવાની જ છે, દિવસ ઉગવાનો જ છે. કોઈ દુઃખ એટલું મોટું નથી હોતું કે નાના નાના સુખને અવકાશ જ ન હોય. મોટું કે નાનું, સુખ આપણી આજુબાજુમાં જ હોય છે, બસ તેને શોધી લ્યો, દુઃખ હશે તો પણ એ આકરું નહીં લાગે. સુખની થોડીક રાહ તો જુઓ અને એ વાતની ખાતરી કરો કે સુખ તો આવવાનું જ છે !

**ચિંતા સજીવને બાળે છે, જ્યારે ચિતા નિર્જીવને બાળે છે. – ઉપનિષદ**

# પૂછ્યા વગર કોઈને સલાહ આપવી નહીં

(સમજુ અને શાંત) વિદ્વાનને જ ઉપદેશ કરવો. (અણસમજુ અને તોફાની) અવિદ્વાનને કદી પણ ઉપદેશ કરવો નહીં. પક્ષીઓ વાંદરાઓને ઉપદેશ કરીને સ્થાન ભ્રષ્ટ થઈ ગયાં (એ દ્રષ્ટાંત ધ્યાનમાં રાખવું.)

હલકા માણસોને કરેલા ઉપદેશ ઉપદેશકને માટે જ હાનિકર્તા સાબિત થાય છે. સત્તાના કેફમાં મદમસ્ત બનેલા માનવને કોઈની સાચી સલાહ પણ નથી રુચતી. 'સત્તા આગળ શાણપણ નકામું' એ લોકોક્તિ યથોચિત માર્ગદર્શન પૂરું પાડે છે. સમજદાર વિદ્વાન તો સંકેતમાં જ સાચી વાતને પકડી લે છે. 'શાણાને સાન અને ગધેડાને ડફણાં' એ કહેવતને જડબુદ્ધિના લોકો સાર્થક કરે છે.

શાણો તો સમજે છે સાને નાનકડી પણ વાત,
સમજહીન માનવની પાસે વૃથા બધો બકવાદ !

ઉપરોક્ત શ્લોકનું સમર્થન કરતી એક બોધકથા 'હિતોપદેશ'માં ગ્રંથિત થયેલી છે. એક ઝાડ પર એક સુગરીએ સરસ માળો બાંધ્યો હતો. માળામાં તેનાં બચ્ચાં સુખેથી રહેતા હતાં. એક ઝાડ પર કેટલાંક વાંદરાઓ પણ રહેતા હતાં. વાંદરાઓ બેફિકર હતા. તેમણે ઘર બાંધવાની કાળજી નહોતી લીધી. શિયાળામાં ટાઢ વાતાં વાંદરો અને તેના બચ્ચાં ધ્રુજવા લાગ્યાં. જમીન પર કેટલીક ચણોઠીઓ પડી હતી. એને અગ્નિ સમજીને વાંદરાઓ ફૂંક મારવા લાગ્યાં અને એ રીતે ઉષ્મા મેળવવાનો મિથ્યા પ્રયાસ કરવા લાગ્યાં.

સુગરીએ વાંદરાઓને કહ્યું, 'આ અગ્નિ નથી, પણ ચણોઠીઓ છે. તેને ફૂંક મારીને હૂંફ મેળવવાનો પ્રયત્ન નિરર્થક તેમ જ હાસ્યાસ્પદ છે. મેં તમને પહેલાં જ ઘર બાંધવા કહ્યું હતું. તમારી પાસે તો હાથપગ છે, મારા કરતાં વિશેષ શક્તિ છે. તમે ધાર્યું હોત તો કેવું સરસ ઘર બનાવી શકત. અગમચેતી રાખીને ઘર બાંધી લીધું હોત તો આજે આ અગવડ ન પડત. તમે મારી ન માની અને તેથી આજે હેરાન થાઓ છો. જુઓ હું અને મારા બચ્ચાં કેવાં નિરાંતે રહીએ છીએ.'

વાંદરાઓને સુગરીની આ સલાહ ન ગમી. તેઓ ઉલટાં તેના પર રોષે ભરાયાં. અમને સલાહ આપનાર તું કોણ ? એવા વિચાર સાથે તેમણે સુગરીનો માળો તોડીફોડીને ફેંકી દીધો. અયોગ્ય લોકોને સલાહ આપીને સુગરી પોતે ઘરબાર વગરની બની ગઈ. હલકા માણસો પોતાના હિતેચ્છુઓને ઓળખી નથી શકતા અને તેમની સાચી સલાહને અવગણીને તેમને જ હાનિ કરી બેસે છે.

'વાંદરવેડા કરનાર લોકોને સાચી સલાહ આપવાની ભૂલ પણ ન કરવી, નહીં તો આપણને જ રસ્તે રઝળવાનો વારો આવે.' એવું વ્યવહારુ સૂચન સુભાષિતકારે અહીં કર્યું છે.

ઉપદેશો હિ મૂર્ખાણાં પ્રકોપાય ન શાન્તયે.
પયઃપાન ભુજંગાના કેવલં વિષવર્ધનમ્

'મૂર્ખાઓને કરેલો ઉપદેશ તેમનો ક્રોધ વધારવાને માટે જ હોય છે અને નહીં કે શાંતિને માટે. સાપને દૂધ પાવાથી કેવળ તેનું વિષ જ વધે છે.' શુભચ્છકોના શત્રુ બનીને મૂર્ખાઓ તેમને જ પજવવા લાગે છે. ઉપદેશ આપતી વખતે માણસો પાત્રાપાત્રનો વિવેક રાખવો જોઈએ.

પાત્રાપાત્રવિવેકોઽસ્તિ ધેનુપન્નગયોરિવ,
તૃણાત્સંજાયતે ક્ષીરં ક્ષીરાત્સંજાયતે વિષમ્

'ગાય અને સાપની જેમ માણસે પાત્રાપાત્રનો વિવેક કરવો જોઈએ. ગાય ઘાસ ખાઈને દૂધ આપે છે, જ્યારે સાપ દૂધ પીને પણ ઝેર ઓકે છે.' સાપ જેવા સત્તાધીશો દૂધ પાનાર (સાચી સલાહ આપનાર) સજ્જનોને જ ખતમ કરવાનો ખેલ આદરે છે.

ઉદેશ્ય વગરનું જ્ઞાન આડંબર માત્ર છે. – ભગિની નિવેદિતા

# શિસ્તપાલન

સૃષ્ટિનો કણેકણ શિસ્તથી બંધાયેલો છે. સૃષ્ટિની દરેક વસ્તુ નિર્ધારિત અને મર્યાદાઓથી બંધાયેલી છે. શરીરનાં બધાં અંગો સુચારુરૂપે પોતપોતાનું કામ કરે છે. એના પરિણામે શરીર સ્વસ્થ રહે છે. જ્યાં સુધી શરીરનાં બધાં અંગો સારી રીતે પોતપોતાનું કામ કરે ત્યાં સુધી જ આપણે સ્વસ્થ રહીએ છીએ. જો હૃદય, લીવર, મૂત્રપિંડો વગેરે પોતાનું કામ યોગ્ય રીતે ન કરે તો શરીર અસ્વસ્થ થઈ જાય છે.

આપણું હૃદય, મગજ, મૂત્રપિંડો, યકૃત વગેરે સ્વતંત્ર રીતે કામ કરે છે. એમાંનું કોઈ અંગ પોતાને ફાવે એ રીતે વર્તતું નથી. તે આજીવન શરીરના વિધાન મુજબ કામ કરતાં રહે છે. જો કોઈ અંગ કોઈ કારણસર ખૂબ થાકી જાય તો કદાચ તે કામ કરવાનું બંધ કરી શકે છે, પરંતુ પોતાના નિયમો તથા મર્યાદાઓનું પાલન અવશ્ય કરે છે. આ શરીરનું અનુશાસન એટલે કે એક એવી વ્યવસ્થા, જેને શરીરે પોતાને સ્વસ્થ રાખવા માટે બનાવી છે.

આવું જ શિસ્તપાલન આ બ્રહ્માંડમાં પણ જોવા મળે છે. ચંદ્ર પોતાની નિર્ધારિત ગતિથી પૃથ્વીની પરિક્રમા કરે છે અને પૃથ્વી તેની નિયત કક્ષા તથા માર્ગમાં પ્રદક્ષિણા કરે છે. સૌરમંડળમાં બીજા પણ અનેક ગ્રહો તથા ઉપગ્રહો છે. તે બધા જ પ્રકૃતિના નિયમોથી બંધાયેલા છે.

એમાંથી કોઈ ગ્રહ કે ઉપગ્રહ પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન કરતો નથી. સૂર્ય કે ચંદ્રમાને કોઈએ કોઈ સૂચના આપવી પડતી નથી. તેઓ પોતે જ પોતાના નિયમોનું પાલન કરે છે. પોતાનો નિર્ધારિત માર્ગ છોડીને તેઓ બ્રહ્માંડમાં બીજે ક્યાંક લટાર મારવા નીકળી પડતા નથી.

તેમને ખબર છે કે જો કોઈ એકાદ ગ્રહ એવું કરે તો તે બ્રહ્માંડ માટે વિનાશકારી સાબિત થશે. તેઓ બ્રહ્માંડના નિયમો પ્રમાણે ચાલવાથી જ સુરક્ષિત રહી શકે છે. આમ બ્રહ્માંડમાં બધા અનુશાસન એટલે કે શિસ્તથી બંધાયેલા છે. આ બંધન તેમને અરાજક બનતાં અટકાવે છે.

સ્વતંત્રતા તથા સ્વચ્છંદતામાં આભ-જમીનનું અંતર છે. સ્વતંત્રતા બધાને ગમે છે. દરેક જણ સ્વતંત્ર રહેવા ઈચ્છે છે. બીજાની ગુલામી કોને ગમે ? જો કે સ્વતંત્રતાની સાથે જવાબદારીઓ પણ જોડાયેલી છે. બેજવાબદારી આપણને સ્વછંદ બનાવી દે છે. સ્વચ્છંદતા અંતે તો આપણને પરાધીનતા તરફ લઈ જાય છે. જો શિયાળામાં આપણે ગરમ કપડાં ન પહેરીએ તો સખત ઠંડી આપણને બીમાર પાડી શકે છે. જો સડક પર વાહનવ્યવહારના નિયમો તોડીએ તો દંડ થાય અને એક્સિડન્ટ પણ થઈ જાય. જો આપણે ઓફિસના નિયમોનું ઉલ્લંઘન કરીએ તો નોકરીમાંથી બરતરફ પણ થઈ જવાય.

જે નિયમો તથા વિધાન આપણા જીવનને સ્વસ્થ, સુરક્ષિત તથા સુંદર બનાવે તેમનું પાલન કરવું તે આપણી જવાબદારી છે. જો આપણે તે નિયમો કે બંધનોનું પાલન ન કરીએ તો આપણે બીમાર તથા પરવશ થવું પડે છે. આથી આપણે પ્રકૃતિએ બનાવેલા નિયમો પ્રમાણે ચાલવું જોઈએ. જો તેમનું ઉલ્લંઘન કરીએ તો બીમારી ભોગવવા માટે તૈયાર રહેવું જોઈએ.

આથી સારું તો એ છે કે આપણે કુદરતના વિધાન પ્રમાણે અને તેના નીતિનિયમો પ્રમાણે હંમેશા સ્વેચ્છાથી તૈયાર રહીએ. તે નિયમોનું બંધન એટલે કે પાલન બહુ અદ્ભુત છે. તેમનું પાલન કરવાથી આપણે સ્વસ્થ તથા સ્વતંત્ર રહીએ છીએ. સૃષ્ટિના બધાં જ પ્રાણીઓ તથા ગ્રહો નક્ષત્રો કુદરતના નિયમોનું પાલન કરે છે. આપણે પણ સ્વેચ્છાથી તે નિયમોનું પાલન કરવું જ જોઈએ.

• • •

- રતિલાલ પટેલ

કચ્છના તીર્થધામ

# બૌંતેર જિનાલય




આ તીર્થના પ્રણેતા રાષ્ટ્રસંત અચલગછાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાધિરાજ હતા. ૭૨ જિનાલય મહાતીર્થની ખનનવિધિ તા. ૫-૧૨-૮૨માં કરવામાં આવેલ છે. આ તીર્થનું ઉદ્દ્ઘાટન તા. ૧-૫-૧૯૮૭ ભારતના રાષ્ટ્રપતિ શ્રી ગ્યાની ઝૈલસિંહના વરદ હસ્તે થયેલ.

૭૨ જિનાલય મહાતીર્થની ભવ્ય અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ, અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર મ.સા. તેમજ વિશાળ સંખ્યામાં પ.પૂ. સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં તા. ૨૪-૪-૯૬ના શુભ દિવસે સંપન્ન થયો.

આ મહાતીર્થ ૯૦,૦૦૦ સ્કવેર ફુટનો વિસ્તાર ધરાવે છે. તેથી ભારતભરના વિદ્યમાન સર્વ મંદિરોમાં વિશાળતાની દષ્ટિએ અગ્રક્રમાંકમાં છે.

આ મહાતીર્થ અષ્ટોણ આકારમાં બનાવવામાં આવ્યું છે. મુખ્ય જિનાલય સંપૂર્ણ સંગેમરમર આરસપાણમાં નિર્માણ થયું છે. એનું શીખર ''૧૧૧'' ફૂટ ઉંચું છે. તેથી મુખ્ય શીખર તારંગાની ઝાંખી કરાવે છે. મુખ્ય જિનાલયની ફરતી નાનકડા જિનમંદિર જેટલી વિશાળતા ધરાવતી ''૬૬'' દેવયકુલિકાઓ અને ચાર મધ્યમ જિનાલયો છે. મુખ્ય જિનાલયના મુખ્ય ત્રણ પ્રવેશદ્વાર અને દક્ષિણ ઉત્તર બાજુએ બે પ્રવેશદ્વાર છે. મુખ્ય પ્રવેશદ્વાર આગળ સાત ચોકીયારાવાળી શૃંગાર ચોકી છે. મુખ્ય રંગમંડપના થાંભલા પર વિવિધ વાજીંત્રો તથા પૂજાની સામગ્રીઓ સાથે વૈવિધ્યભર્યા ભાવો વ્યકત કરતી દેવાંગનાઓ મૂકવામાં આવી છે. મુખ્ય જિનાલયના રંગમંડપ તેમજ શૃંગારમંડપ તેમજ શૃંગાર ચોકીના સ્તંભો પર રાણકપુરને આબુતીર્થની અતિ ભવ્ય જગવિખ્યાત કારીગીરી જેવા કોતરકામવાળા તોરણો મૂકવામાં આવ્યાં છે.

મુખ્ય જિનાલયના રંગમંડપનું ઘુમ્મટ ફુલકાચલા આકારનું છે. મુખ્ય જિનાલયમાં પરીકરયુકત તીર્થાધિપતિ શ્રી આદિનાથ પ્રભુજીની ''૭૩'' ઈંચની

દિવ્ય પ્રતિમાજી બિરાજે છે. મુખ્ય જિનાલય આદીના ચાંદીના દરવાજાઓ બનાવવામાં આવ્યા છે. જેનું કોતરકામ સુંદર થયું છે. આ વિશાળ તીર્થમાં અનાગત ચોવીશ, અતીત ચોવીશ, વર્તમાન, ચોવીશી, વીશ વિહરમાન જિન ચાર શાશ્વતા જિન કેવલી ગણદાર શ્રી પૂંડરીકસ્વામી આદી ગણધર ભગવંતો બિરાજે છે. તેમને અષ્ટપદજીની રચના કરવામાં આવી છે.

શત્રુંજયાવતાર આદીશ્વર મહાતીર્થને ફરતી કર્ણપીઠને ગ્રેનાઈટના પત્થર ચોંટાડવામાં આવેલ છે, મુખ્ય જિનાલયના પાંચ પ્રવેશદ્વાર ઉપર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ, શ્રી અષ્ટપદજી ગીરનાર તીર્થ, સમેત શીખરજી તીર્થ, આબુ તીર્થ, આદી તીર્થના તેમજ પંચકલ્યાણક આદી કાંચના પટો ભવ્યતામાં અનેરી વૃદ્ધિ લાવે છે. આ આખાય તીર્થમાં કુલ ''૨૩૨'' કલાત્મક આરસના સ્તંભો ઊભા કરીને જિનાલયની સુદઢતાને સ્થાયી બનાવવામાં આવેલ છે. જિનાલય શીખરોની ચારે બાજુ કળશ તથા અન્ય કોતરણીનું કાર્ય અતિ ભવ્ય બન્યું છે. બૌતેર જિનાલયના નૈઋત્ય ખૂણે તીર્થ સ્વપ્નદષ્ટા અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાર્થિવ દેહના જે ભુમી પર અગ્નિસંસ્કાર થયેલો છે તે પવિત્રભૂમિ પર ગુરુમંદિરનું નિર્માણ થયેલ છે.

અહીંની ખાસ વિશિષ્ટતા એ છે કે દરરોજ રાત્રે સંગીતમય ભાવના થાય છે અને એ વખતે દેરાસરની અંદર બહાર લાઈટીંગ કરવામાં આવે છે. અને એ જોવા માટે દેશવિદેશના હજારો યાત્રિક આવે છે અને મનને શાંતિ મળે એવા સુશોભિત બાગ-બગીચાઓ આવેલ છે, રહેવા માટે સુઘડ અતિથિગૃહો, જમવા માટે ભોજનાલયન અને યાત્રિક ભાતાખાતાની સ્વચ્છ અને સુંદર વ્યવસ્થા છે.

આ મહાતીર્થની સમગ્ર વ્યવસ્થા શ્રી યશોધન વર્ધમાન બૌતેર જિનાલય ટ્રસ્ટ અને શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ સંભાળે છે.

• • •

# જીવનમાં સાચી શાંતિનાં દર્શન

મનુષ્યના અંતરમાં જે શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય, સત ચિત, આનંદ, સત્ય, શિવ, સુંદર અજરઅમર સત્તા છે તે જ પરમાત્મા છે. મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકારના ચતુષ્ટાયને જીવ કહે છે. આ જીવ આત્માથી ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. એને દ્વૈત પણ કહી શકીએ અને અદ્વૈત પણ કહી શકીએ. અગ્નિમાં લાકડું બળવાથી ધુમાડો પેદા થાય છે. ધુમાડાને અગ્નિથી જુદો કહી શકાય છે. આ દ્વૈત છે. ધુમાડો અગ્નિના લીધે પેદા થયો છે. અગ્નિ વગર એનું કોઈ અસ્તિતવ નથી. તે અગ્નિનું જ અંગ છે. આ અદ્વૈત છે. આત્મા અગ્નિ છે અને જીવ ધુમાડો છે. બંને જુદા પણ છે અને એક પણ છે. ઉપનિષદોમાં એમને એક વૃક્ષ પર બેઠેલાં બે પક્ષીઓની ઉપમા આપવામાં આવી છે. ગીતામાં એ બંનેના અસ્તિત્વનો સ્વીકાર કરતાં એકને ક્ષર (નાશવંત અને બીજાને અક્ષર (અવિનાશી) કહેવામાં આવ્યો છે.

ભ્રમ, અજ્ઞાન, માયા તથા શેતાનના બહેકાવવાથી એ બંનેની એકતા જુદાઈમાં ફેરવાઈ જાય છે. આ જ દુઃખ, શોક, સંતાપ, કલેશ તથા વેદનાનું કારણ છે. જ્યાં મન અને આત્માનું એકીકરણ થાય છે, જ્યાં બંનેની ઈચ્છા, રુચિ તથા કાર્યપ્રણાલી એક હોય છે ત્યાં અપાર આનંદ ઉભરાતો હોય છે. જ્યાં બંનેમાં વિરોધ ચાલે છે ત્યાં આત્મિક શાંતિ જોવા મળતી નથી. બંનેનો દૃષ્ટિકોણ એક હોવો જોઈએ, બંનેની ઈચછા, રુચિ તથા કાર્યપ્રણાલી એક હોવા જોઈએ, તો જ જીવનમાં સાચી શાંતિનો અનુભવ કરી શકાય.

('અખંડજ્યોતિ' માંથી સાભાર)

**કોઈ ઉત્તમ પુસ્તકના વાંચનથી નૂતન યુગનો આરંભ થતો હોય છે. – હેન્ની ડેવિડ થોરો**

# શક્તિસંચય અને તેનો સદ્‌ઉપયોગ

જીવનમાં શક્તિના મહત્વને બધા જાણે છે. એટલે જ આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'બલમ્ ઉપાસ્ય' અર્થાત્ બળની ઉપાસના કરો. જીવનના દરેક ક્ષેત્રમાં બળવાન જ વિજયી બને છે, પછી તે ભૌતિક ક્ષેત્ર હોય કે આધ્યાત્મિક ક્ષેત્ર હોય. ભારતીય સંસ્કૃતિમાં શક્તિની ઉપાસના માટે સાધનાવિધાન ઉભું કરવામાં આવ્યું છે. અને એક મોટો સંપ્રદાય શક્તિની સાધના કરે છે. નવરાત્રી દરમ્યાન નવદુર્ગાનું પૂજન, ઉપવાસ, અનુષ્ઠાન વગેરે મોટાભાગના સનાતની લોકો કરતા હોય છે.

દૈનિકજીવનમાં શક્તિ પ્રાપ્ત કરતા પહેલાં આપણી શક્તિનો નાશ કયાં થઈ રહ્યો છે એ જાણવું જરૂરી છે. મોટાભાગે એનાં મુખ્ય કારણો ત્રણ જોવા મળે છે. એમાંનું સૌથી પહેલું કારણ છે – અત્યધિક ભોગવિલાસ. ઈન્દ્રિય અસંયમના કારણે જીવનશક્તિનો અતિશય ક્ષય થાય છે. બીજું છે ખૂબ દોડાદોડીવાળું અને તણાવપૂર્ણ જીવન. એના કારણે પણ જીવનશક્તિનો ખૂબ ક્ષય થાય છે. શક્તિનો નાશ થવાનું ત્રીજું કારણ છે વધારે પડતું બોલવું. આખો દિવસ વધારે પડતું બોલવાથી ઉર્જાનો ખૂબ ક્ષય થાય છે.

આ સ્થિતિથી બચવા માટે સંયમિત, સંતુલિત, શિસ્તબધ્ધ અને ઉદ્દેશ્યપૂર્ણ જીવન જીવવું જોઈએ. શક્તિ પ્રાપ્ત કરવાની સાથે સાથે તેનો સદ્‌ઉપયોગ કરવો એ પણ ખૂબ મહત્વની બાબત છે. જો શક્તિનો દુરુપયોગ કરવામાં આવે તો એનાથી માણસના ગૌરવ અને મહત્તાનો નાશ થાય છે. માણસનું પુણ્ય ક્ષીણ થઈ જવાથી તે બળહીન થઈ જાય છે અને તેનો પ્રભાવ પણ ઘટી જાય છે. શક્તિનો દુરુપયોગ કરવાથી માણસની વિવેકબુધ્ધિ પણ ઘટી જાય છે, એના કારણે તે સત્ય-અસત્ય કે ધર્મ-અધર્મ વચ્ચેનો ભેદ સમજવાની ક્ષમતા ગુમાવે છે. તેને પોતાના કર્તવ્યનો બોધ પણ રહેતો નથી.

એવી મનઃસ્થિતિમાં તે ખોટા નિર્ણયો લે છે અને તેનાથી ખોટાં કર્મો થઈ જાય છે. એના પરિણામે જીવનભર તેણે પશ્ચાતાપની અગ્નિમાં બળવું પડે છે. જ્ઞાન અને તપની બાબાતમાં તો રાવણ પણ કોઈનાથી પાછળ ન હતો, પરંતુ શક્તિનો દુરુપયોગ કરવાના કારણે આજે પણ લોકો તેને નફરત કરે છે. મર્યાદા પુરુષોતમ ભગવાન રામે શક્તિનો સદ્‌ઉપયોગ કર્યો. તેઓ પવિત્ર અને સદાચારી જીવન જીવ્યા એના પરિણામે આજે પણ તેમને પૂજવામાં આવે છે.

શક્તિના અનેક સ્વરૂપ હોય છે. તે પ્રાપ્ત કરીને જીવનને શક્તિશાળી તથા સમૃધ્ધ બનાવી શકાય છે, પ.પૂ. ગુરુદેવે શક્તિસંચયના આઠ સાધનો જણાવ્યા છે, જેવા કં સ્વાસ્થ્ય, વિદ્યા, ધન, વ્યવસ્થા, સંગઠન, યશ, શૌર્ય અને સત્ય. આ આઠેય બાબતનો જીવનમાં અપનાવવાથી માણસને અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત થાય છે. જેની પાસે તે શક્તિ જેટલા પ્રમાણમાં હશે એટલો જ તેને શક્તિવાન માનવામાં આવશે.

શક્તિના સદ્‌ઉપયોગ પહેલાં શક્તિ મેળવવી પડે છે. એના માટે જેનાથી શક્તિનો નાશ થતો હો એવાં બધાં છિદ્રો શોધીને તેમને બંધ કરવાં પડે છે

અને શક્તિનો સંગ્રહ કરવો પડે છે. આપણા દૈનિક જીવનમાં નાના નાનાં કાર્યોથી તેનો શુભારંભ કરી શકાય છે. સ્થૂળ શરીરને બળવાન બનાવવા માટે અને સ્વાસ્થ્ય સારું રાખવા માટે પૌષ્ટિક તથા સાત્વિક આહાર લેવાની સાથે સાથે દરરોજ થોડી કસરત તથા યોગ વ્યાયામ કરવો જોઈએ. તે માણસની ઉંમર, શક્તિ અને જરૂરિયાત મુજબ કરવા જોઈએ.

શક્તિસંચય માટે ઈન્દ્રિયસંયમ બહુ મહત્વની બાબત છે, એટલે તેનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ. પ.પૂ. ગુરુદેવે કહ્યું છે કે પોતાના ભાગ્યને બદલવા માટે શક્તિ અને પુણ્યરૂપી સંપતિની જરૂર છે. તપ દ્વારા શક્તિ અને દાન તથા સેવા દ્વારા પુણ્યરૂપી સંપત્તિ પ્રાપ્ત થાય છે. સાંસારિક સ્વાર્થ જ સિધ્ધ કરતા રહેવું તે શક્તિનો દુરુપયોગ છે, પરંતુ પરોપકાર તથા પરમાર્થમાં શક્તિ ખર્ચવી તે તેનો સદુપયોગ છે.

સંસારમાં આસક્તિ રાખવી એ પણ શક્તિનો દુરુપયોગ છે. ત્યાગ દ્વારા ભક્તિ તથા સદ્‌જ્ઞાન મેળવવાનો પ્રયાસ કરતા રહેવું તે શક્તિનો સદુપયોગ છે. અહંકારી બનીને પોતાની શક્તિનો ઉપયોગ કોઈને પાડવામાં કરે તો તે તેનો દુરુપયોગ છે. શક્તિનો સદુપયોગ કરીને કોઈ પડેલાને બેઠો પણ કરી શકાય. સંયમસાધના દ્વારા શક્તિનો સંચય કરવા માટે દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં જુદી જુદી ક્રિયાપધ્ધતિઓ પ્રચલિત છે. શક્તિનો સદુપયોગ થઈ શકે એ માટે જ મંદિરોમાં, તીર્થસ્થળોમાં તથા ઉપવનોમાં જવાની પરિપાટી આપણા દેશમાં ચાલતી રહી છે. પવિત્રસ્થળોમાં જવાથી આપણા અંતરમાં રહેલી સુષુપ્ત શક્તિ સહેલાઈથી જાગ્રત થઈ જાય છે.

આ ઉપરાંત દરરોજ આત્મનિરીક્ષણ કરીને આપણે જોવું જોઈએ કે આપણા વિચારો, ભાવો તથા કાર્યોનો સદુપયોગ થઈ રહ્યો છે કે દુરુપયોગ. જો દુરુપયોગ થઈ રહ્યો હોય તો તેને અટકાવીને તેમનો સદુપયોગ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવો જોઈએ. શુધ્ધ, સાત્વિક આહાર અને ઈન્દ્રિયસંયમથી શારીરિક અને માનસિક ઉન્નતિ અવશ્ય થાય છે. સદ્‌ગુણોનો વિકાસ કરીને સદ્‌વ્યવહાર કરવાથી પણ માનસિક વિકાસ થાય છે. નિષ્કામ સેવા, ઈષ્ટદેવ પ્રત્યે પ્રેમભાવના અને સત્યનું પાલન કરવાથી આત્મિક ઉન્નતિ થાય છે. આ બધી જ બાબતોનું ધ્યાન રાખવાથી માણસના સ્થૂળ, સૂક્ષ્મ તથા કારણ શરીરોમાં શક્તિનો સંચાર થાય છે અને જીવનમાં શ્રધ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠાનો વિકાસ થાય છે.

આમાં સાધુસંતો તથા આધ્યાત્મિક મહાપુરુષોના સત્સંગથી પણ ખૂબ લાભ થાય છે. તેમના પાવન સાનિધ્યમાં રહેવાથી આપણા સૌભાગ્યનો ઉદય થાય છે. જો તેમની સાથે સત્સંગ કરવાનું શક્ય ન બને તો તેમનાં પુસ્તકો વાંચવાથી, રેકોર્ડ કરેલાં પ્રવચનો સાંભળવાથી તથા પ્રેરણાપદ સદ્‌સાહિત્યનો સ્વાધ્યાય કરવાથી પણ અદ્‌ભુત લાભ થાય છે. આપણી વિવેકબુધ્ધિ જાગૃત થાય છે અને જીવનમાં સદ્‌જ્ઞાન તથા શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન થાય છે.

સંયમ માટે બાહ્યદબાણથી વિશેષ લાભ થતો નથી. એના માટે અંતરમાંથી પ્રેરણા જાગવી જોઈએ અને આત્માનુશાન દ્વારા તેનો અભ્યાસ કરવો જોઈએ. એવું કરવાથી તેની દુર્બળતા તથા બીજા બધા અભાવો દૂર થઈ જાય છે. માણસ નિર્ભયતાપૂર્વક ગમે તેવા પડકારોનો સામનો કરી શકે છે. તે પ્રકાશપૂર્ણ માર્ગે આગળ વધતો રહે છે અને પોતે મેળવેલી શક્તિનો લોકહિતમાં સદુપયોગ કરીને પોતાના જીવનને સાર્થક બનાવે છે.

• • •

## બાળ સંસ્કાર

# બાળવાર્તા

# મોરનાં ઈંડાને ચીતરવા ન પડે

**– સંપાદિત**

ઘણાં વર્ષો પહેલાં એક રાજા થઈ ગયો. તેણે ખૂબ જ હોશિયારીથી રાજ્યનો કારભાર ગોઠવ્યો હોવાથી બધાં જ પ્રજાજનો પણ ખૂબ હોશિયાર બન્યા હતા. એ રાજ્યમાં દરેક વ્યક્તિને ઉચ્ચ શિક્ષણ મળતું, સારામાં સારો ખોરાક અને રહેવાનાં ઘર મળતાં. એ રાજ્યની બરોબર બાજુમાં એક બીજું રજવાડું હતું. ત્યાંના રાજાની ઈચ્છા હતી કે, પોતાના રાજ્યના મુખ્યપ્રધાન તરીકે પેલા રાજ્યના કોઈ અત્યંત કુશળ અને ચબરાક વ્યક્તિની નિમણૂંક થાય.

તેણે સૌથી હોશિયાર વ્યક્તિની શોધ ચલાવવા માટે બાજુના રાજ્યમાં સંદેશો મોકલ્યો, 'મારે એક એવી વ્યક્તિની જરૂર છે, કે જે તમારા રાજ્યની માટીમાં ઉગેલાં તદ્દન તાજાં શાકભાજી મારા રાજ્ય સુધી પહોંચાડે તથા એક માટલામાં અક્કલ ભરીને અહીં આવે.' હવે મુશ્કેલી એ હતી કે પડોશનું રાજ્ય દૂર હતું, રથ કે બળદગાડામાં ત્યાં પહોંચતા ઓછામાં ઓછા બે મહિના થઈ જાય, આ રાજ્યની માટીમાં ઉગેલું શાક ત્યાં પહોંચતા તો વાસી થઈ જાય. રાજા વિચારમાં પડયા ! હવે કરવું શું ?

રાજાના મુખ્યપ્રધાનનો યુવાન દીકરો આદિત્ય ખૂબ જ હોશિયાર હતો. તેણે કહ્યું, 'મહારાજ, ચિંતા ન કરો. આપની બંને મુશ્કેલીઓના ઉકેલ મારી પાસે છે.' તેણે એક મોટું ગાડું તૈયાર કર્યું. તેમાં ખૂબ માટી ભરી. તેમાં ખાતર-પાણી નાંખીને શાકભાજીના બી વાવી દીધા. પોતે એક રથમાં બેસી ગયો અને ગાડું જોડે લઈ લીધું. ગાડા સાથે એક ખેડૂતને પણ લીધો. વળી એ જ ગાડામાં તેણે એક તરફ કોળું વાવી દીધું. એ કોળું ઉગ્યું, કે તરત જ તેના પર એક માટલું બાંધી દેવામાં આવ્યું. જયારે કોળું મોટું થાય ત્યારે માટલામાં જ મોટું થઈને માટલાને ભરી દે તેવો આદિત્યનો ઉપાય હતો.

પડોશી રાજયમાં પહોંચતાં જ આદિત્યને રાજા પાસે લઈ જવામાં આવ્યો. આદિત્ય સાથે લાવેલ ગાડામાંથી તાજાં-તાજાં શાક તોડીને રાજાની સમક્ષ મૂકી દીધાં તથા પેલું માટલું પણ રાજાને આપવામાં આવ્યું. તેણે કહ્યું, 'મહારાજ, આમાં અક્કલ ભરેલી છે. આપ માટલું તોડયા વગર કાઢી લો.'

રાજા આદિત્યની હોશિયારી પર ખુશ થઈ ગયા. પોતાના અઘરા સવાલોના કેવા સરળ જવાબ આ યુવાન લઈ આવ્યો હતો ! પરંતુ પોતાના રાજયનો મુખ્યપ્રધાન આવો લવરમૂછિયો યુવાન બની શકે ખરો ? રાજાએ તેની થોડી વધુ પરીક્ષા કરવાનું નક્કી કર્યું. રાજાએ ત્રણ લાકડાની ઢીંગલીઓ મંગાવીને આદિત્યને બતાવી. 'યુવાન આ ત્રણેય ઢીંગલીઓને તું બરોબર જો. ત્રણેય સરખી જ છે. છતાંય એક ઢીંગલી બીજી બે કરતાં વધુ સારી છે. તે મને જુદી પાડી બતાવ.'

આદિત્યએ એક લોખંડનો તાર મંગાવ્યો તથા વારાફરતી ઢીંગલીઓના કાનમાં નાખ્યો. પહેલી ઢીંગલીના એક કાનમાં નાખેલો તાર બીજા કાનમાંથી બહાર નીકળ્યો. બીજી ઢીંગલીના એક કાનમાંથી નાખેલો તાર તેના મોંમાંથી બહાર નીકળ્યો. અને ત્રીજી ઢીંગલીના કાનમાંથી નાખેલો તાર માથા પાસે અટકી ગયો. કોઈ તરફથી બહાર જ ન નીકળ્યો. આદિત્યએ ત્રીજી ઢીંગલી રાજાના હાથમાં મૂકતાં કહ્યું, 'મહારાજ, આ ઢીંગલી શ્રેષ્ઠ છે.' રાજાએ પૂછ્યું, 'તું એવું શી રીતે કહી શકે ?' આદિત્યે કહ્યું, 'મહારાજ, પહેલી ઢીંગલીને

કાંઈ પણ સલાહ આપવામાં આવશે, તો બીજા કાનેથી તે બાર કાઢશે. બીજી ઢીંગલીને કાંઈ કહેવામાં આવશે, તો આખા ગામમાં તેનો ઢંઢેરો પીટાઈ જશે. તેના પેટમાં વાત નહીં ટકે. પરંતુ આ ઢીંગલી સમજુ છે. તે દરેક વાત પોતાના મનમાં ઉતારશે.'

રાજાએ આદિત્યને ઈનામ આપ્યું, હજી તેમને આ યુવાનની છેલ્લી પરીક્ષા લેવાની ઈચ્છા હતી. તેમણે તેના હાથમાં ત્રણ વીંટીઓ મૂકી. લાલ, લીલાં અને વાદળી રત્નો જડેલી ત્રણ વીંટીઓ હતી. રાજાએ કહ્યું, 'યુવાન, આ ત્રણેય વીંટીઓ જાદુઈ છે. લાલ વીંટી પહેરનારને ઉત્તમ વિચારો આવે છે. લીલી વીંટી પહેરનાર સારામાં સારા નિર્ણયો લઈ શકે છે અને વાદળી નંગવાળી વીંટી પહેરનારમાં ખૂબ હિંમત આવે છે. મારા દરબારમાં મારે કોને કઈ વીંટી આપવી જોઈએ ?'

આદિત્યને કહ્યું, 'મહારાજ, આનો જવાબ તો ખૂબ સરળ છે. આપ લાલ વીંટી રાખો, જેથી આપને હંમેશા સારા વિચારો આવે અને આપના પ્રજાજનો આનંદમાં રહે. આપના મુખ્યપ્રધાનને લીલા નંગવાળી વીંટી આપો જેથી એ સારા અને સાચા નિર્ણયો લઈને રાજ્યનું સુકાન સંભાળે. આપના લશ્કરના વડાને વાદળી રત્નવાળી વીંટી આપો જેથી તેમનામાં ખૂબ હિંમત આવે.'

રાજાને હવે સંપૂર્ણપણે ખાતરી થઈ કે, પોતે જે વ્યક્તિની શોધમાં હતા, તે આ યુવાન જ છે. હોશિયાર મુખ્ય પ્રધાનનો આ પુત્ર પણ ખૂબ જ અક્કલમંદ હતો. મોરના ઈંડાને ચીરવા પડે ? રાજાએ તરત જ લીલા નંગવાળી વીંટી આદિત્યને પહેરાવી દીધી તથા પોતાના રાજ્યના મુખ્યપ્રધાન તરીકે તેની નિમણૂક કરી. પછી તો વર્ષો સુધી આદિત્યએ એ રાજ્યમાં ઉત્તમ કાર્યો કર્યા.

• • •

# અમૂલ્ય વર્તમાનનો સદુપયોગ કરો

જન્મ અને મૃત્યુની વચ્ચે આપણે જીવીએ છીએ. વર્તમાન ખૂબ ઝડપથી ભૂતકાળ તરફ દોડે છે. ભૂતકાળ અને મૃત્યુ એક જ વસ્તુ છે. કહેવાય છે કે મર્યા પછી મનુષ્ય ભૂત બને છે. માત્ર મનુષ્ય જ નહીં, પરંતુ દરેક ચીજ મરે છે અને ભૂત (કાળ) બની જાય છે. જ્યારે કોઈ વસ્તુની સત્તા પૂર્ણપણે સમાપ્ત થઈ જાય છે ત્યારે એનું પૂર્ણ મૃત્યુ કહેવાય છે, પરંતુ આંશિક મૃત્યુ તો જન્મથી જ શરૂ થઈ જાય છે. બાળક જન્મ પછી મોટું થાય છે, વિકાસ કરે છે તેની એ યાત્રા મૃત્યુ તરફ જ હોય છે.

સંસારની દરેક વસ્તુનું તથા મનુષ્યના શરીરનું નિર્માણ પણ એવાં તત્ત્વોથી થયું છે, જે દરેક ક્ષણે બદલાય છે. એમનું ચક્ર ભૂતકાળને પાછળ મૂકીને ભવિષ્યને પકડતાં પકડતાં પ્રત્યેક ક્ષણે ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. વિશ્વ એક પળ માટે પણ સ્થિર નથી રહેતું. અણું પરમાણુઓથી માંડીને વિશાળ ગ્રહો પણ પોતાની યાત્રા અવિરત ચાલુ રાખે છે. આપણું જીવન પણ દરેક ક્ષણે થોડું થોડું મરી રહ્યું છે. આ જીવનરૂપી દીપકનું તેલ ધીમે ધીમે ઓછું થતું જાય છે. આપણે ભવિષ્ય તરફ આગળ વધીએ છીએ અને વર્તમાનને ભૂતકાળના ખોળામાં નાખતા જઈએ છીએ. આ બધું જોવા છતાં પણ આપણે એ વિચારતા નથી કે શું વર્તમાનનો આપણે સદુપયોગ કરી રહ્યા છીએ ખરા ? વર્તમાન આપણા હાથમાં છે. જો આપણે ઈચ્છીએ તો એનો સદુપયોગ કરીને આ નશ્વર જીવનમાંથી થોડો અનશ્વર લાભ મેળવી શકીએ છીએ.

('અખંડજ્યોતિ' માંથી સાભાર)

• • •

**જ્ઞાની માણસોનું કામ પોતાના જ દોષો શોધી કાઢવાનું છે. – સ્વામી વિવેકાનંદ**

સત્સંગ સુધા

# નામનો પ્રભાવ

– રતિલાલ પટેલ



વર્ષો પહેલાં રાજસ્થાનમાં ફૂલીબાઈ નામે એક ભકત થઈ ગયાં. તેમના જીવનનો આ એક અદ્‌ભુત પ્રસંગ છે. ફૂલીબાઈ યુવાન વયે જ વિધવા થયેલાં અને એકલા જ પોતાના નાનકડા મકાનમાં રહેતાં. આજીવિકાનું અન્ય કોઈ સાધન ન હોતા ઢોરોનું છાણ એકઠું કરી તેમના છાણા બનાવીને વેચતા. એ સમયમાં લોકો છાણાનો બળતણમાં ઉપયોગ કરતા. એ રીતે તેનું ગાડું ગબડી જતું.

એક સમયમાં એ ગામમાં એક સંન્યાસી આવ્યા. ફૂલીબાઈને ભક્તિનો રંગ તો લાગેલો જ હતો. તેઓ દરરોજ મહાત્માનો સત્સંગ સાંભળવા જતા. ઘણા લોકો ત્યાં સંન્યાસી પાસે કંઠી બંધાવી ગુરૂમંત્ર લેતા જોયા. ફૂલીબાઈ પણ સ્વામી પાસે ગયા અને તેમને ગુરૂમંત્ર આપવા વિનંતી કરી અને કહ્યું ‘હું બહુ ભણેલી નથી એટલે મને બહુ જ્ઞાનની વાતો આવડે નહીં પણ નિયમિત ભગવાનના મંદિરે જાઉં છું અને ભગવાનની પૂજા કરૂં છું.’ સ્વામીજીએ કહ્યું, ‘તમને રામનામનો મંત્ર આપું છું તમને જયારે સમય મળે ત્યારે તમે આ મંત્રનો જાપ કરતા રહેજો, જેથી તમારું કલ્યાણ થશે.’

તે દિવસથી ફૂલીબાઈએ શ્રધ્ધાપૂર્વક રામનામનું જાપ ચાલુ કર્યા. આમ તો એને કામમાંથી ફૂરસદ મળે નહીં પરંતુ એ જયારે છાણા ઘડવા બેસે ત્યારે હાથથી છાણા ઘડતા જાય અને મુખથી રામનામ જપતા જાય. ગામની કોઈ સ્ત્રીઓ સાથે બેસીને નિંદા કુથલી કરવી કે ગપાટા મારવા એ તેમને પસંદ નહોતું. તેઓ ગામની બીજી સ્ત્રીઓને પણ સમજાવતા કે ભગવાને આપણને મનુષ્ય શરીર આપ્યું છે, આટલી સરસ વાણી આપી છે તો તેનો આ રીતે કોઈકની નિંદા કરીને દૂષિત કરાય નહીં. ભગવાનનું ભજન કરીને તમે તમારી વાણીને પવિત્ર રાખો.

ગામની સ્ત્રીઓ તેમની ઠેકડી ઊડાડતી અને તેની સાથે બેસવાનું ટાળતી. ફૂલીબાઈ સ્ત્રીઓને આવો ઉપદેશ આપતી એ કેટલીક સ્ત્રીઓને ગમતું નહીં. તેમણે ફૂલીબાઈને પાઠ ભણવવાનું નક્કી કર્યું. ગામમાં બીજી એક સ્ત્રી પણ ફૂલીબાઈની જેમ છાણા ઘડીને

વહેંચતી તે ચોરી છૂપીથી ફૂલીબાઈના છાણા પોતાને ત્યાં લઈ જતી. ફૂલીબાઈને જયારે આ વાતની ખબર પડી ત્યારે તેને જઈને પંચાયતમાં ફરિયાદ કરી. પંચાયતના મુખીએ તેની તપાસ કરી તેને માલુમ પડયું કે આ ગામમાં બે જણ જ છાણા ઘડીને વહેંચવાનું કામ કરે છે. તેણે ફૂલીબાઈને બોલાવીને પૂછ્યું, 'કે તમે જેમના પર ચોરીનો આક્ષેપ મુકો છો તેનો કોઈ પુરાવો તમારી પાસે છે ખરો ? પેલી સ્ત્રી તો કહે છે કે આ બધા છાણા મે ઘડયા છે મેં કોઈ ચોરી કરી નથી. તેના છાણાનાં ઢગલામાં છે કે નહીં તેની ખાતરી કેમ કરવી ?

ફૂલીબાઈએ પંચાયતને નમ્રતાથી કહ્યું, 'પંચો જઈને પેલા છાણા ઉપાડે અને કાન પર રાખીને સાંભળે. જે છાણામાંથી રામ રામનો ધ્વનિ સંભળાતો હોય તે છાણા મારા. બાકી બધા એના. પંચો પેલી સ્ત્રીને ઘેર પહોંચ્યા અને ફૂલીબાઈના કહેવા મુજબ એક છાણું લઈને કાન પર મુકીને સાંભળવા લાગ્યા. ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો તે છાણામાંથી રામરામ ધ્વનિ સંભળાતો હતો. એવા છાણા અલગ કરતા મોટાભાગના છાણા ફુલીબાઈના નીકળ્યા અને એ રીતે પેલી સ્ત્રીએ ફૂલીબાઈના છાણા ચોરી લીધા હતા તે પૂરવાર થઈ ગયું હતું. પેલી સ્ત્રીએ ફૂલીબાઈના પગમાં પડી માફી માંગી. આ વાત વાયુ વેગે ગામમાં અને આસપાસના ગામમાં પ્રસરી જતાં લોકો ફૂલીબાઈની ભક્તિને નમન કરવા લાગ્યા.

શ્રીમદ્ ભાગવતમાં અને રામચરિત માનસમાં કહેવાયું છે કે સત્યુગ – ત્રેતાયુગ અને દ્વાપર યુગમાં યજ્ઞ-તપ-પૂજન અર્ચનનો મહિમા રહેશે અને તેના દ્વારા જ મનવાંછિત ફળ મેળવી શકાશે. પરંતુ કલિયુગમાં તો માત્ર નામ સ્મરણથી જ મનુષ્ય ભવ સાગર તરી શકશે. નામ સ્મરણની નાવડીનો આધાર લઈને માણસ આ સંસાર સાગરને પાર કરી શકશે. આમ જોઈએ તો નામ સ્મરણનો મહિમા પ્રત્યેક યુગમાં રહ્યો છે.

જે ભકતોએ શ્રધ્ધાપૂર્વક ઈષ્ટનું નામ સ્મરણ કર્યું છે તેમને ભક્તિ ફળી જ છે. પ્રહ્લાદે જીવનભર નારાયણનું નામ સ્મરણ જ કર્યું હતું પણ તેની શ્રધ્ધા એટલી પ્રબળ હતી કે તેના પિતા હિરણ્યકશ્યપુએ લાખ પ્રયત્ન કર્યા છતાં તેની શ્રધ્ધાને ડગાવી શકયા નહોતા અને અંતે ભગવાને નૃસિંહ રૂપ ધરીને તેની વ્હારે ચડવું પડયું હતું.

નારદજીએ બાળક ધ્રુવને ઓમ નમો ભગવતે વાસુદેવાયનો મંત્ર આપ્યો હતો અને તેના સ્મરણથી જ તે ભગવાનના દર્શન કરી શકયો હતો અને અવિચળ પદ પામી શકયો હતો. વાલીયા લુંટારાને નારદજીએ રામ નામનો ગુરૂમંત્ર આપ્યો તેને આધારે તે વાલીયા માંથી વાલ્મિકી બની ગયો.

આજના યુગમાં આપણને એવા ઘણા ભકતોના દાખલા મળે છે કે જેઓ સંસારમાં રહીને પણ નામ સ્મરણથી જીવન મુકત થઈ ગયા છે. નરસિંહ, કબીર, તુકારામ, રોહીદાસ આ બધા સંન્યાસીઓ ન હતા. પોતાનું રોજીંદુ કામ કરતા કરતા હરિ સ્મરણ કરતા ને તેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો હતો. તેથી ઊલ્ટું સંન્યાસ લીધા પછી પણ જેમણે શ્રધ્ધાપૂર્વક નામ સ્મરણ કર્યું નથી તેમને સદ્ગતિ થતી નથી સદ્ગુરૂ શિષ્યને માર્ગ બતાવે પણ તેને ચાલવું તો પોતાની રીતે જ પડે છે.

જ્ઞાની સદ્ગુરૂ પોતાના શિષ્યને ગુરૂમંત્ર આપતા નથી તેની ક્ષમતા જોઈને ગુરૂમંત્ર અપાય છે. દ્રષ્ટાંતમાં બતાવ્યા મુજબ ફૂલીબાઈ અભણ હતી એટલે તેને રામનામનો ટૂંકો ગુરૂમંત્ર મળ્યો પણ તેને શ્રધ્ધાપૂર્વક જાપ્યો. માણસ ગુરૂમંત્રની ગમે તેટલી માળા ફેરવે પરંતુ તેનું ચિત્ત તેમાં લાગેલું ન હોય અને ગુરૂમંત્રમાં શ્રધ્ધા ન હોય તો તેને કયારેય ફળતો નથી. માણસ જેને પણ પોતાના ઈષ્ટ માનતો હોય તેનું નામ સ્મરણ શ્રધ્ધાપૂર્વક અને સતત કરતો રહે તો તેના ઈષ્ટ તેનું ફળ જરૂર આપે છે.

**ધર્મના બે રૂપ છે : તત્ત્વજ્ઞાન અને નૈતિક આચાર. – મહાવીર સ્વામી**

## સંસ્થા સમાચાર

# શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં સેવામુક્ત થતા માર્ગદર્શક સંતોના સન્માન

છેલ્લા ૧૪ વર્ષથી શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં સેવા આપતા માર્ગદર્શક સંતો સેવામુક્ત થતાં તા. ૧૭-૮-૨૪ના રોજ તેમને સન્માનવાનો એક કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ગંગારામભાઇ રામાણીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

સંતોના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રસંગ પરિચય આપતા સંસ્થાના મહામંત્રી રતિભાઇ પોકારે જણાવ્યું હતું કે, સતત ૧૪ વર્ષ લગી લક્ષ્મીનારાયણના અનુયાયીઓને ધાર્મિક અને આધ્યાત્મિક માર્ગદર્શન આપનાર સંતો આજે જ્યારે સેવામુક્ત થઇ રહ્યા છે ત્યારે તેમણે નિરપેક્ષભાવે આપેલ સેવાઓને સન્માનવાનો આ પ્રસંગ છે. ધર્મસભાઓ હોય કે રથયાત્રા હોય, પૂર્ણિમા સત્સંગસભા હોય કે બાલસંસ્કારની શિબિરો હોય, ત્રણેય સંતોએ હંમેશાં સંસ્થાની સાથે રહીને તેમના જ્ઞાન અને અનુભવનો લાભ આ સંસ્થાને આપ્યો છે તેને ભૂલી શકાશે નહીં.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી હંસરાજભાઇ ધોળુએ તેમના પ્રસંગોચિત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સંતશ્રી ઓધવરામજી મહારાજે પ્રગટાવેલી સનાતની જ્યોતને ઝળહળતી રાખવાનો આ સંસ્થાએ જે પ્રયાસ કર્યો છે તેમાં દિવેલ પૂરવાનું કામ માર્ગદર્શક સંતોએ કર્યું છે. કચ્છ અને કચ્છ બહાર થતી સભાઓમાં સંતોએ લક્ષ્મીનારાયણનો મહિમા વધારવાનું કાર્ય કર્યું, એટલું જ નહીં પણ ધર્મસભાઓમાં તેના ચરણે મૂકાતી ભેટની રકમ પણ સંસ્થાને અર્પણ કરી છે. આ સંત મંડળ દ્વારા ગુજરાતમાં જુદા-જુદા સ્થળે વિદ્યાલયો ચલાવાય છે. તેમના અનુભવનો લાભ લક્ષ્મીનારાયણ વિદ્યા પ્રતિષ્ઠાનને પણ તેઓએ આપ્યો છે, એટલે એમના ઋણમાંથી આપણે મુક્ત થઇ શકીએ તેમ નથી. હજુ પણ જરૂર જણાશે તો તેમના જ્ઞાન અને અનુભવનો લાભ જરૂર લઇશું.

સંતો માટે તૈયાર કરાયેલ સન્માનપત્રનું વાંચન એસએલવીપીના વાઇસ ચેરમેન પ્રો. કે.વી. પાટીદારે કર્યું હતું. ત્યારબાદ મર્ગાદર્શક સંતો સર્વશ્રી સ્વામી વૃંદાવનવિહારીદાસજી, સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજી અને સ્વામી શ્રીરંગદાસજીના સંસ્થાન પ્રમુખશ્રી ગંગારામભાઇ રામાણી, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ હંસરાજભાઇ ધોળુ અને અબજીભાઇ કાનાણીના શુભ હસ્તે સન્માનપત્ર, સ્મૃતિચિહ્ન અને શાલથી સન્માન કરાયા હતા અને સભાએ ઊભા થઇને સંતોને બહુમાન આપ્યું હતું.

સન્માનનો પ્રતિભાવ આપતા ત્રણેય સંતો વતી સ્વામી વૃંદાવનવિહારીદાસજીએ જણાવ્યું હતું કે, આ સંસ્થાના માલિક અખિલ બ્રહ્માંડના સ્વામી એવા લક્ષ્મીનારાયણ ભગવાન છે, કારણ કે આ સંસ્થાના સભ્યો તરીકે કોઇ વ્યક્તિ નહીં પણ ગામેગામના મંદિરો છે. સંતશ્રી ઓધવરામજી મહારાજે લક્ષ્મીનારાયણ દેવની ઉપાસના આપીને જ્ઞાતિને કોઇ સંપ્રદાયમાં બાંધી નથી. જે ગુરુગાદી પર ગુરુજન વ્યક્તિ નહીં પણ સનાતન ધર્મના મૂળ શાસ્ત્રો વેદોને શંકરાચાર્ય દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે, એ રીતે પણ આ સંસ્થા વ્યક્તિ આધારિત નથી. અમે આ

ગુરુગાદીના પ્રતિનિધિરૂપે રહીને સનાતન ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય અમારી શક્તિ મુજબ કર્યું છે અને ભવિષ્યમાં પણ સંસ્થાને અમારી સેવાની જ્યારે આવશ્યકતા જણાય ત્યારે તે આપવાની અમે ખાતરી આપીએ છીએ અને આ સંસ્થા ફૂલેફાલે અને સનાતન ધર્મનું કેન્દ્ર બની રહે એવા આશીર્વાદ આપીએ છીએ.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો અને ગામેગામથી આવેલા પાંચ-પાંચ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ સંસ્થાના મંત્રીશ્રી કિરીટભાઇ ભગતે કરી હતી.

# અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની સામાન્ય સભામાં હોબાળો થતાં બરખાસ્ત કરાઇ

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૮-૨૪ના બપોર બાદ શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના સત્સંગ હોલમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગંગારામભાઇ રામાણીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ વર્ષે સંસ્થાના નવા કર્ણધારોની વરણી થવાની હોવાથી સામાન્ય સભ્યો સિવાયના મોટી સંખ્યામાં ભાઇ-બહેનો સભા સ્થળે આવી પહોંચ્યા હતા. વાતાવરણમાં ઉત્તેજના ફેલાઇ હતી, પરંતુ દરેક ગામના સમાજોએ નિયુક્ત કરેલ પાંચ-પાંચ સભ્ય પ્રતિનિધિઓને સત્સંગ હોલમાં યોજાયેલ સામાન્ય સભામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

માર્ગદર્શક સંતોના સન્માન બાદ સામાન્ય સભાની વિધિવત કાર્યવાહી શરૂ કરાઇ હતી. જેમાં સભાનોંધનું વાંચન સંસ્થાના મંત્રી શ્રી માવજીભાઇ કેશરાણીએ કર્યું હતું. ખજાનચી શ્રી કલ્યાણજીભાઇ છાભૈયાની તબિયત નાદુરસ્ત હોતાં મંત્રી શ્રી કિરીટભાઇ ભગતે ઓડિટ રિપોર્ટનું વાંચન કર્યું હતું. સંસ્થાએ ત્રણ વર્ષ પહેલાં કરેલ કામગીરીનો અહેવાલ આપતાં સંસ્થાના પ્રમુખ શ્રી ગંગારામભાઇ રામાણીએ જણાવ્યું હતું કે, સંસ્થામાં યાત્રાળુઓને રહેવા-જમવાની અગવડ જણાતાં અતિથિગૃહો બાંધવાના કામને સંસ્થાએ અગ્રતા આપી છે, એનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ફંડની ઉપલબ્ધતા મુજબ કામ આગળ વધારવામાં આવશે. અતિથિગૃહના અત્યાર સુધી નોંધાયેલ રૂમોની વિગત આપતા જણાવ્યું હતું કે, વ્યક્તિગત દાતાઓ દ્વારા ૩૯ રૂમો નોંધાયેલ છે, જ્યારે ગામના સમાજો દ્વારા ૮ રૂમો નોંધાયા છે. કુલ્લે ૭૦ રૂમો નોંધવાના છે, એટલે તેમણે દરેક ગામ સમાજોને પોતાની શક્તિ મુજબ આ કાર્યમાં યોગદાન આપવાની અપીલ પણ કરી હતી.

વધુમાં પ્રમુખશ્રીએ સંસ્થા દ્વારા ચાલતા વિદ્યાલયમાં વર્ગખંડોની ઘટ પડતી હોવાથી વિદ્યાલયના ઉપરના માળે નવા ૧૭ રૂમના બાંધકામ પણ પૂર્ણ કરેલ જેમાં ૧૦ રૂમના દાતાઓ નોંધાયા છે અને બાકીના રૂમોના દાતા બનવા શિક્ષણપ્રેમી સભ્યોને અનુરોધ કર્યો હતો. પ્રમુખશ્રીએ સંસ્થા દ્વારા ચલાવાતી ધર્મ પ્રચારની તેમજ બાલસંસ્કારની

પ્રવૃત્તિઓની પણ માહિતી આપી હતી.

આ સભામાં સંસ્થાની લાંબા સમયથી બાકી રહી ગયેલ દાનની ઉઘરાણીનો મુદ્દો કાંતિભાઇ લીંબાણી અને અન્ય સભ્યો દ્વારા પણ ચર્ચવામાં આવ્યો હતો. આ બાબતે સ્પષ્ટતા કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, સંજોગોવસાત્ કેટલાક દાતાઓના નોંધાયેલ દાન બાકી છે તેમને પત્રો લખીને કે ટેલિફોન દ્વારા અવારનવાર સૂચિત કરવામાં આવે છે અને થોડી-થોડી બાકી રહેતી દાનની રકમ આવતી પણ રહે છે. વધુમાં એમ પણ કહ્યું હતું કે, સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી જેઠાભાઇ ચોપડાના પરિવારે અત્યાર સુધીમાં આ સંસ્થામાં રૂા. પાંચ કરોડનું માતબર દાન આ સંસ્થાને નોંધાવ્યું છે જેમાંથી માત્ર રૂપિયા એક કરોડ જ બાકી છે, તે પણ ટૂંક સમયમાં આવી જશે. તેના પ્રત્યુત્તરમાં જેઠાભાઇ ચોપડાના પુત્ર અને આ સંસ્થાના મંત્રી શ્રી મોહનભાઇ ચોપડાએ ખાતરી આપી હતી કે આગામી છ માસમાં અમારા પરિવારનું બાકી રહેતું દાન સંસ્થામાં જમા કરાવી દેવામાં આવશે.

શ્રી લક્ષ્મીનારાયણ વિદ્યાપ્રતિષ્ઠાન સંચાલિત માતૃશ્રી રામબાઇ લધા ચોપડા વિદ્યાલયનો અહેવાલ આપતા વાઇસ ચેરમેન પ્રો. કે.વી. પાટીદારે જણાવ્યું હતું કે, વિદ્યાલયમાં હાલે ૪૫ ગામોના ૬૦૦ જેટલા વિદ્યાર્થી ભાઇ-બહેનો કે.જી.થી ધોરણ ૧૨ સુધીના અભ્યાસ કરી રહ્યા છે. ક્વોલિફાઇડ શિક્ષકો દ્વારા ગુણવત્તાલક્ષી શિક્ષણ અપાય છે. રમતગમત ક્ષેત્રે વિદ્યાલયનો ઉત્સાહવર્ધક દેખાવ રહ્યો છે. તેમણે વાલીઓને પ્રારંભથી જ તેમના બાળકોને આ વિદ્યાલયમાં દાખલ કરવા અનુરોધ કર્યો હતો. ચેરમેન શ્રી હંસરાજભાઇ ધોળુએ જણાવ્યું હતું કે, અન્ય ધર્મની સંસ્થાઓમાં અભ્યાસ કરવા જતા આપણા બાળકોને સનાતની ધર્મના સંસ્કારો આપવાના હેતુથી આ વિદ્યાલય શરૂ કરાયું છે. ભવિષ્યમાં આ વિદ્યાલયમાં ગુજરાતી માધ્યમ પણ શરૂ કરવાની સંસ્થાની નેમ છે. જરૂર પડે તો નવું બાંધકામ કરી તેનું વિસ્તરણ પણ કરવામાં આવશે.

આગામી ત્રણ વર્ષ માટેના સંસ્થાના નવા કર્ણધારોની વરણીનો મુદ્દો આવતાં સંસ્થાના મહામંત્રી શ્રી રતિભાઇ પોકારે બંધારણીય જોગવાઇ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, આ સંસ્થામાં સામાન્ય સભા દ્વારા પ્રમુખની સીધી ચૂંટણી કરવાની જોગવાઇ નથી. સૌ પ્રથમ સામાન્ય સભાએ ૧૧ ટ્રસ્ટીઓ અને ૭૫ કારોબારી સભ્યોની વરણી અથવા ચૂંટણી કરવાની હોય છે. નવા વરાયેલા કારોબારી સભ્યોએ પોતાનામાંથી એક પ્રમુખ, ૩ ઉપપ્રમુખ, એક મહામંત્રી, ૩ મંત્રી, એક ખજાનચી, સહખજાનચી ચૂંટી કાઢવાના હોય છે.

આ એજન્ડા પર ચર્ચાનો પ્રારંભ કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં કારોબારી અને ટ્રસ્ટીઓની પસંદગી સિલેક્શન પંચ દ્વારા કરવામાં આવે છે. અત્યાર સુધી આ સંસ્થામાં પણ એ જ પરંપરા રહી છે. આજની સામાન્ય સભામાં આપણે શું કરવું એ અંગેના મંતવ્યો ઉપસ્થિત સૌ સભ્યોએ આપવાના છે. પ્રમુખના આહ્‌વાન પર સભામાંથી ઘણા સભ્યોએ પોતાના મંતવ્યો આપ્યા. મોટાભાગના સભ્યોનો સૂર એવો હતો કે નવા કર્ણધારોની પસંદગી સિલેક્શન પંચ

દ્વારા થવી જોઇએ. ધાર્મિક સંસ્થામાં ચૂંટણી થવી જોઇએ નહીં. માત્ર ત્રણ-ચાર સભ્યોએ ચૂંટણી કરવાની તરફેણ કરી હતી. શ્રી ગોપાલભાઇ ભાવાણીએ એવો પ્રસ્તાવ મૂક્યો હતો કે જે સભ્યોને આ સંસ્થામાં હોદ્દા લેવાની અપેક્ષા ન હોય એમણે જ સિલેક્શન પંચમાં રહેવું જોઇએ. તેની આ વાતને સભામાં ઘણા સભ્યોએ સમર્થન આપ્યું હતું. જ્યારે કેટલાક સભ્યોએ આ બાબતે અસહમતી પણ દર્શાવી હતી.

જયંતીભાઇ લાકડાવાળાએ તેમના મંતવ્યમાં સિલેક્શન પંચ માટેના અપેક્ષિત નામો જાહેર કર્યા હતા. જેમાં ગંગારામભાઇ રામાણી, હંસરાજભાઇ ધોળુ, અબજીભાઇ કાનાણી, ગોપાલભાઇ ભાવાણી, કાંતિભાઇ લીંબાણી, મણિલાલ ભગત અને રમેશભાઇ પારસિયા હતા. તેની સામે ગંગારામભાઇ રામાણી અને હંસરાજભાઇ ધોળુએ સિલેક્શન પંચમાં જનારે હોદ્દો ન લેવો એ બાબત સહમત નહોતા. આ સભામાં રમેશભાઇ પારસિયાએ એવો મુદ્દો ઉઠાવ્યો હતો કે જેઓ ચુસ્ત સનાતની હોય તે જ આ સંસ્થાના હોદ્દેદાર તરીકે રહી શકે. તેની સામે કેટલાક ભાઇઓએ એવી પણ દલીલ કરી હતી કે, દરેક મંદિરો દ્વારા મોકલવામાં આવેલા પાંચ-પાંચ સભ્યો લક્ષ્મીનારાયણના અનુયાયીઓ છે અને શુદ્ધ સનાતની છે. આ મુદ્દે સભ્યોએ ઊભા થઇને વિરોધ નોંધાવ્યો હતો અને સભામાં શોરબકોર શરૂ થઇ ગયો હતો. સભાના પ્રમુખશ્રીએ વારંવાર સભ્યોને બેસી જવાનું અને શાંતિ જાળવવાનું રૂલિંગ આપવા છતાં કેટલાક સભ્યોએ હોબાળો ચાલુ રાખ્યો હતો. આ સ્થિતિમાં સભાનું કામકાજ આગળ ચલાવવું સંભવ ન જણાતાં પ્રમુખશ્રીએ સભાને બરખાસ્ત કરી દીધી હતી અને ૩ મહિના બાદ ચૂંટણી કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ સભા વિખેરાઇ ગઇ હતી.

સભાખંડની બહાર નીકળીને ટોળે વળીને વાતો કરતા સભ્યોને એમ કહેતા સાંભળ્યા હતા કે આ સભામાં સંસ્થાના મોટા દાતા અને પૂર્વ પ્રમુખ જેઠાભાઇ ચોપડાને ઉતારી પાડવાના જે હીન કક્ષાના પ્રયાસો થયા એ કોઇ રીતે યોગ્ય નહોતું. આ સંસ્થાના ૨૦ વર્ષ લગી પ્રમુખપદે રહીને આ સંસ્થાને ઊભી કરવામાં તન, મન અને ધનથી પોતાનું યોગદાન આપનાર અને પોતાનું જીવન ઘસી નાખનાર નિષ્ઠાવાન આગેવાન જેઠાભાઇ ચોપડાને ટાર્ગેટ બનાવીને જે ચર્ચા કરવામાં આવી એ શોભાસ્પદ નહોતી. પોતાના પરિવારનું કોઇ બાળક અહીં ભણતું ન હોવા છતાં કચ્છના ગામડાના બાળકોની ચિંતા કરીને રૂપિયા ત્રણ કરોડનું માતબર દાન આપી જ્ઞાનના પરબ સમી આ વિદ્યાલય સ્થાપી છે તેમના નામનું બોર્ડ ઉતારવાની વાત કરવામાં આવી એ બાબતે ઘણા સભ્યો નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

સંસ્થાની સામાન્ય સભામાં ગામ દ્વારા નિયુક્ત થયેલ પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હોવા છતાં ગામેગામથી લોકોના ટોળાં અહીં ઉમટી પડ્યા તેની પણ ઘણાને નવાઇ લાગી હતી. બસો ભરીભરીને લાવવામાં આવનાર મહિલાઓ પૈકી ઘણી બહેનોને એ વાત સમજાતી નહોતી કે મહિલા સંઘની કારોબારીના સમયમાં ફેરફાર કરાવીને અમને અહીં શા માટે બોલાવવામાં આવી છે. સમાજના જવાબદાર

પદાધિકારી દ્વારા સભાખંડમાં મહિલાઓને પ્રવેશ ન આપવા બદલ સંસ્થાની ટીકા કરતું જાહેર નિવેદન આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ એ વાત ભૂલી ગયા છે કે અહીં કોઇ મનોરંજન કાર્યક્રમ થવાનો નહોતો, સંસ્થાની સામાન્ય સભા હતી એટલે આવેલા તમામને પ્રવેશ આપવો સંભવ નહોતો. જો કે, આગલા દિવસની નખત્રાણા ખાતેની સભામાં તત્કાલીન પ્રમુખશ્રી અબજીભાઇ કાનાણીએ તાકીદ કરી હતી કે લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાન ખાતેની સભામાં દરેક ગામ સમાજમાંથી નિયુક્ત થયેલા માત્ર પ્રતિનિધિઓને જ પ્રવેશ આપવામાં આવશે, તેમ છતાં કેટલાક આગેવાનોએ શક્તિ પ્રદર્શન માટે વધુમાં વધુ ભાઇ-બહેનોને લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં આવવા આહ્‌વાન કર્યું હતું, જે બરાબર થયું નથી એવું પણ કેટલાક લોકોનું કહેવું હતું. આયોજકોએ ૭૦૦ લોકો આ પ્રસંગે આવશે એવું ગણિત માંડીને નાસ્તાની તૈયારી કરી હતી, પરંતુ અંદાજે ૧૫૦૦ લોકો આ પ્રસંગે આવી પહોંચ્યા હતા અને પૂર્ણિમા સત્સંગ સભા માટે બનાવેલા ૭૦૦ માણસોના લાડુ ખવડાવી દેતાં સંસ્થાની લાજ રહી હતી. અત્યાર સુધીમાં આ સંસ્થાની મિટિંગોમાં આવું ક્યારેય બન્યું નથી અને આ વખતે કેમ બન્યું એવી ચર્ચા કરતા પણ લોકો જોવા મળ્યા હતા.

# સુરતમાં શ્રી લક્ષ્મીનારાયણ બાલ સંસ્કાર શિબિર યોજાયો

શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કારધામ પ્રેરિત શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ સુરત દ્વારા લક્ષ્મીનારાયણ બાલ સંસ્કાર કેન્દ્ર શિબિર તા. ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ના ઉમિયા ભવન ભટાર ખાતે યોજવામાં આવેલ.

સંસ્કારધામથી પધારેલ બાલ સંસ્કાર કેન્દ્રના કો-ઓર્ડિનેટર ધીરજભાઇ ભગત, ધર્મ પ્રચાર સમિતિના કન્વીનર રવિલાલભાઇ વાલાણી, નિર્ણાયક ચેતનાબેન ગોસ્વામી સાથે સુરત સમાજના પ્રમુખ ઝવેરભાઇ રામાણી, સુરત યુવક મંડળના પ્રમુખ સંજયભાઇ ભાવાણી, સુરત યુવક મંડળ મહામંત્રી શ્રી વિશાલભાઇ વાગડિયા, અ.ભા. યુવા સંઘ ગ્રીન લેન્ડ કાઉન્સીલર પ્રેસિડેન્ટ શ્રી કિશોરભાઇ પોકાર ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દમયંતીબેન ભાવાણીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું. મુખ્ય મહેમાનોના ઉદ્‌બોધનથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

શિબિરમાં ભાગ લેનાર કેન્દ્રો (૧) ઉમા દર્શન બાલ કેન્દ્ર-ભેસ્તાન, (૨) વિનાયક બાલ કેન્દ્ર-ભેસ્તાન, (૩) શિવમ બાલ કેન્દ્ર-ભટાર, (૪) મગોબ બાલ કેન્દ્ર, (૫) શ્રી લક્ષ્મીનારાયણ બાલ કેન્દ્ર-વરાછા, (૬) બાલ ગણેશ કેન્દ્ર-વેસુ, (૭) વિશાલ સોસાયટી બાલ કેન્દ્ર-ભટાર, (૮) વૈષ્ણોદેવી બાલ કેન્દ્ર-જહાંગીરપુરા, (૯) શાંતિવાન બાલ કેન્દ્ર-અમરોલી, (૧૦) જહાંગીરપુરા બાલ કેન્દ્ર.

આ કોમ્પિટિશન ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું હતું, જેમાં ધો. કે.જી.થી ૧ શ્લોક પઠન સ્પર્ધામાં (૧) અંશી રોહિતભાઇ નાકરાણી (મગોબ), (૨) પ્રિશા વિકાસભાઇ ગોરાણી (વરાછા), (૩) મિષ્ઠા પ્રિતેશભાઇ ગોરાણી (ભટાર)

ધો. ૨-૩ ભાવ વંદના શ્લોક પઠનમાં વિજેતા (૧) દુર્વા ભાવેશભાઇ રંગાણી (વરાછા), (૨) શિવાંશ ભરતભાઇ ભગત (ભટાર), (૩) વિહા પ્રિતેશભાઇ ગોરાણી (ભટાર)

ધો. ૪-૫ ગીતાના ૧૫મા અધ્યાયના શ્લોક પઠનમાં (૧) હર્ષિત કિશોરભાઇ પોકાર (મગોબ), (૨) પાર્થવી મનીષ રામાણી (વેસુ), (૩) હંસવી નિખિલભાઇ રામાણી (ભટાર)

વક્તૃત્વ સ્પર્ધા : બાળકોના સંસ્કાર સિંચનમાં માતાની ભૂમિકા (૧) રાજવી જિતેન્દ્રભાઇ પોકાર (મગોબ), (૨) પૂર્વ બકુલભાઇ ચૌહાણ (ભટાર), (૩) નંદિની અમિતભાઇ લીંબાણી (વરાછા)

અભિનય સાથે બાલગીત : (૧) બાલ ગણેશ કેન્દ્ર (વેસુ), (૨) વૈષ્ણોદેવી કેન્દ્ર જહાંગીરપુરા, (૩) વિનાયક બાલ કેન્દ્ર ભેસ્તાન

ક્વિઝ સ્પર્ધામાં (૧) મગોબ કેન્દ્ર, (૨) લક્ષ્મીનારાયણ બાલ કેન્દ્ર વરાછા (૩) વિનાયક બાલ કેન્દ્ર ભેસ્તાન.

મહેમાનોએ કાર્યક્રમ અનુલક્ષી મંતવ્ય આપ્યા. મહેમાનોને શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કર્યો હતો. મહિલા મંડળના હોદ્દેદારો શ્રીમતી દમયંતીબેન ભાવાણી, મંજુલાબેન મૈયાત, શ્રીમતી જ્યોતિબેન દિવાણી અને શ્રીમતી મીતાબેન પોકાર દ્વારા સન્માન કરવામાં આવ્યા સાથે દાતાના સન્માન કરવામાં આવ્યા. બાળકોના ગિફ્ટના દાતા હેમલતાબેન રૂડાણી અને બીનાબેન રૂડાણી મગોબ દ્વારા બાળકોના સન્માન કરવામાં આવ્યા. મહિલા મંડળ મહામંત્રી શ્રીમતી મંજુલાબેન મૈયાત દ્વારા આભારવિધિ કરવામાં આવી. સંચાલન રેખા રંગાણી, દિવ્યા લીંબાણી, મીતાબેન પોકાર અને આરતી લીંબાણી દ્વારા કરવામાં આવ્યું. આ શિબિરનું આયોજન મહિલા મંડળ અને બાળ સંસ્કાર કેન્દ્રોની સંચાલિકા દ્વારા કરવામાં આવ્યું.

# શ્રી લક્ષ્મીનારાયણ વિદ્યા પ્રતિષ્ઠાનમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવાણી કરાઈ

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી લક્ષ્મીનારાયણ વિદ્યા પ્રતિષ્ઠાન સંચાલિત માતુશ્રી રામબાઈ લધા ચોપડા વિદ્યાલયમાં તા. ૧૫-૮-૨૦૨૪ના પરંપરાગત રીતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ હતી. સંસ્થાના પ્રમુખશ્રી ગંગારામભાઈ રામાણીના હસ્તે ધ્વજવંદન કરાયા બાદ બાળકોએ માર્ચપાસ્ટ કરીને ધ્વજને સલામી આપીને રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. શાળાના આચાર્યશ્રી રાજેશભાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. વિદ્યાલયના ચેરમેન શ્રી હંસરાજભાઈ ધોળુ, પ્રમુખશ્રી ગંગારામભાઈ રામાણી અને મહામંત્રી શ્રી રતિભાઈ પોકારે પ્રસંગોચિત વકતવ્ય આપ્યા હતા. વિદ્યાલયના વિદ્યાર્થીઓનું મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી શામજીભાઈ નાકરાણી, મેઘજીભાઈ રામજીયાણી, રવિલાલભાઈ રામજીયાણી તેમજ SMC ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાલયના સૌ શિક્ષકોએ વ્યવસ્થા સંભાળી હતી.

# લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનની વિવિધ યોજનાઓ

## :: મંદિર સંકુલ ::

| | | | |
|---|---|---|---|
| ૧. | મંદિરના વાર્ષિક પાટોત્સવના દિવસે ભોજન પ્રસાદ તથા પૂજનના દાતા | રૂા. | ૧,૧૧,૧૧૧/- |
| ૨. | યાત્રાળુઓને રહેવા માટે નવા બંધાનાર 'અતિથિ ગૃહ'ના એક રૂમના દાતા<br>કુલ રૂમો : ૪૮ (બે દાતાઓ સાથે મળીને યોગદાન નોંધાવી શકશે) | રૂા. | ૫,૦૦,૦૦૦/- |
| ૩. | અતિથિગૃહ એક રૂમ ફર્નિચરના દાતા | રૂા. | ૩,૦૦,૦૦૦/- |
| ૪. | દર માસની પૂર્ણિમા સત્સંગ પ્રસંગે ભોજન પ્રસાદના દાતા | રૂા. | ૫૧,૦૦૦/- |
| ૫. | કાયમી ભગવાનને રાજભોગની આજીવન તિથી – અમર્યાદિત | રૂા. | ૧૧,૦૦૦/- |
| ૬. | કાયમી હવન યજ્ઞ આજીવન તિથી – અમર્યાદિત | રૂા. | ૫,૦૦૦/- |
| ૭. | વર્ષ દરમ્યાન આપના અનુકૂળ દિવસે ધજા બદલાવી શકો છો જેના | રૂા. | ૫,૦૦૦/- |
| ૮. | વર્ષ દરમ્યાન આપના અનુકૂળ દિવસે પાદુકા પૂજન કરી શકો છો જેના | રૂા. | ૫૦૦/- |
| ૯. | આપની કમાણીમાંથી ભગવાનનો ભાગ દેવદ્રવ્ય રૂપે કાઢી તેને અર્પણ કરવા<br>સંકલ્પ પત્ર ભરી દર વરસે એક યુગલે ઓછામાં ઓછી મોકલવાની રકમ | રૂા. | ૧,૦૦૦/- |
| ૧૦. | દેવદ્રવ્ય આજીવન | રૂા. | ૧૧,૦૦૦/- |
| ૧૧. | 'લક્ષ્મીનારાયણ દર્શન' માસિકનું લવાજમ : વાર્ષિક : | રૂા. | ૧૫૦/- |
| | ૫ વર્ષ : | રૂા. | ૬૦૦/- |
| | દસ વર્ષ : | રૂા. | ૧૦૦૦/- |
| ૧૨. | 'લક્ષ્મીનારાયણ દર્શન'માં ૧ પેજમાં નીચે પટીમાં સૌજન્ય દાતા (૧ વર્ષના) : | રૂા. | ૫,૦૦૦/- |

## :: શૈક્ષણિક સંકુલ ::

| | | | |
|---|---|---|---|
| ૧. | વિદ્યાલય એક રૂમના દાતા<br>(રૂમો – ૨૬) (બે દાતા સાથે મળીને યોગદાન નોંધાવી શકશે) | રૂા. | ૬,૦૦,૦૦૦/- |
| ૩. | વિદ્યા સંકુલના શ્રેષ્ઠી દાતા – અમર્યાદિત | રૂા. | ૨,૦૦,૦૦૦/- |
| ૪. | વિદ્યા સંકુલના મુરબ્બી દાતા – અમર્યાદિત | રૂા. | ૧,૦૦,૦૦૦/- |
| ૫. | વિદ્યા સંકુલના સહયોગી દાતા – અમર્યાદિત | રૂા. | ૨૫,૦૦૦/- |
| ૬. | વિદ્યાસંકુલમાં એક કોમ્પ્યુટરના દાતા | રૂા. | ૩૫,૦૦૦/- |
| ૭. | છાત્રાલય એક રૂમ ફર્નિચર દાતા | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૮. | રમત ગમત મેદાન (સ્ટેડીયમ) માટે ભૂમિદાન (એક મીટરના) | રૂા. | ૨,૫૦૦/- |

(નોંધ : શૈક્ષણિક સંકુલ તેમજ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં રૂા. ૨૫,૦૦૦/- કે તેથી વધુનું યોગદાન આપનાર દાતાનું નામ કાયમી તકતીમાં કંડારવામાં આવશે.)

**વધુ માહિતી માટે કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી**
**મો. ૯૮૨૫૫ ૬૩૮૮૪, ૯૩૨૭૩ ૮૨૭૩૫**

# સૂરતમાં બાળસંસ્કાર કેન્દ્રની શિબિર યોજાઈ





















R.N.I. GUJGUJ/2011/45922
Posted at S.R.O. Bhuj 14th of Every Month.
Postal Reg. No. GKCH-208/2023-2025 - Valid up to 31-12-2025

# શ્રી લક્ષ્મીનારાયણ વિદ્યા પ્રતિષ્ઠાન સંચાલિત
# માતુશ્રી રામબાઈ લધા ચોપડા વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય દિનની ઉમંગભેર ઉજવણી કરાઈ









From

**Laxminarayan Darshan Monthly**

Pooja "B, Nr. ICICI Bank, Station Road,
Bhuj-Kutch. 370 001. (Gujarat)
Tel. : 02832-229920

To,

Printed & Published by Jethalal Lalji Chopda on behalf of Akhil Bhartiya Laxminarayan Sanatan Samaj & Printed at Bhuj by Shree Hari Offset, New Station Road, Bhuj-Kutch & Published at Laxminarayan Kendra sthan, Deshalpar Ta. Bhuj-Kutch. Editor Ratilal M. Patel